અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 11, Dt.25-10-2023 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

લાંબા સમય સુધી તપાસ કર્યા બાદ ઈન્કમટેકસના અધિકારીઓએ ઝુંબેશ શરૂ કરી

બિલ્ડરો-જવેલર્સો ઈન્કમટેકસની રડારમાં

કરચોરો પર ત્રાટકતા આવકવેરા વિભાગે 'એકશન પ્લાન' ઘડયાનો નિર્દેશઃ આવતા દિવસોમાં એકથી વધુ ઓપરેશન થવાની શકયતા

અમદાવાદઃ લાંબા સમય સુધી તપાસ કર્યા બાદ ઈન્કમટેકસના અધિકારીઓએ ઝુંબેશ શરૂ કરી છે.અમદાવાદનાં સ્વાતિ બિલ્ડર ગ્રુપ મહેશ રાજ કેમીકલ તથા બ્લીચકેમ અને ધારા કેમીકલ પર દરોડા પાડીને કરોડો રૂપિયાની કરચોરી શોધી કાઢવામાં આવી છે. સુરત વડોદરા અને રાજકોટના બિલ્ડરો તેમજ જવેલર્સ પર પણ દરોડા પાડીને તપાસ કરવામાં આવી હતી હવે ઈન્કમટેકસના અધિકારીઓ દ્વારા મોટા બિલ્ડર્સ જવેલર્સ ડોકટર્સ અને અન્ય વેપારીઓ પર ત્રાટકવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

અમદાવાદનાં રિયલ એસ્ટેટમાં અસાધારણ તેજી જોવા મળી રહી છે જે ખુબજ પોઝીટીવ બાબત છે પરંતુ ચોકકસ બિલ્ડર ગ્રુપ દ્વારા કરોડો રૂપિયાના ઓન મની અને બ્લેક મની લેવામાં આવી રહ્યા છે. ઈન્કમટેકસનાં અધિકારીઓને ફરીયાદો મળ્યા બાદ તેમણે જુદી જુદી ટીમો બનાવીને જે બિલ્ડરો સામેની ફરીયાદો હતી તેમની કન્સ્ટ્રકશન સાઈટ પર જઈને વિઝીટ કરી હતી તેમજ ગ્રાહક બનીને ભાવતાલ કરાવ્યા બાદ બ્લેક મની અને વ્હાઈટ મનીની કન્ડીશન પણ સમજી લીધી હતી.

જેને પગલે અમદાવાદનાં બિલ્ડરો દ્વારા હજુ પણ ૩૦ થી ૪૦ ટકા બ્લેકમની લેવામાં આવી રહ્યા છે અને જેનો ઈન્કમટેકસમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી. આ બ્લેક મનીનું ચલણ અટકાવવા માટે અધિકારીઓએ આગામી દિવસોમાં આવા બિલ્ડરો પર રેડ પાડવાનું પ્લાનીંગ કરી દીધુ છે.પુરતુ હોમવર્ક કરી દીધા બાદ હવે અધિકારીઓએ કેવી રીતે દરોડાની કામગીરી પૂર્ણ કરવી અને તેની બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી દીધી છે.

બીજી તરફ સોનીબજારમાં પણ મોટાભાગનાં જવેલર્સ કરોડો રૂપિયાની કરચોરી કરી રહ્યા છે. જે અંગેની વિગતો એકત્રીત કરી લીધા બાદ અધિકારીઓએ મોટા જવેલર્સ પર ત્રાટકવા માટેની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. વર્ષો સુધી કેમીકલ સેકટર પર ઈન્કમટેકસનાં અધિકારીઓ ત્રાટકવા માટેની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. વર્ષો સુધી કેમીકલ સેકટર પર ઈન્કમટેકસનાં અધિકારીઓ ત્રાટકયા નહોતા. પરંતુ સ્વાતિ ગ્રુપ સાથે સંકળાયેલા મહેશ રાજ કેમીકલની ત્રિમાસીસમાં દરોડા પાડયા બાદ કેમિકલના વેપારીઓ અને ઉત્પાદકો દ્વારા કરોડો રૂપિયાની કરચોરી કરવામાં આવી હોવાની વિગતો અધિકારીઓને મળી હતી.

સીરીયા પર મોટી એરસ્ટ્રાઈક કરતું ઈઝરાયેલ

ઈઝરાયલી આર્મી ગ્રાઉન્ડ ઓપરેશન માટે તૈયારઃ અમેરિકાએ યુધ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી પોતાના નાગરિકોને ખસેડવાનું શરૂ કર્યુ : હમાસનો ખાત્મો કરીને જ ઝંપશું : યુધ્ધ હજુ તો શરૂ થયું છે : ઈઝરાયલી પીએમનો ધ્રુજારો

તેલઅવીવ, તા.૨૫: ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. ઈઝરાયેલની વાયુસેના ગાઝામાં હમાસની જગ્યાઓ પર સતત બોમ્બમારો કરી રહી છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં ૫૦૦૦ પેલેસ્ટાઈનના મોત થયા છે. આ બધાની વચ્ચે ઈઝરાયેલની સેના હવે ગાઝા પટ્ટીમાં ગ્રાઉન્ડ ઓપરેશન માટે તૈયાર છે. ઈઝરાયેલના આર્મી ચીફે સૈનિકોને સૂચના આપી છે કે અમે ટૂંક સમયમાં ગાઝામાં પ્રવેશ કરીશું, તમે તૈયાર રહો. તે જ સમયે, ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે અમે હમાસના વિનાશ સુધી રોકાઈશું નહીં.

ઈઝરાયલના ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હરઝી હલેવીએ કહ્યું કે,જમીની હુમલા માટે તૈયાર છે. તેમણે કહ્યું, અમે યુદ્ધમાં છીએ અને આગામી કાર્યવાહીની પદ્ધતિ અને સમય અંગે રાજકીય ક્ષેત્ર સાથે મળીને નિર્ણય કરીશું. ઈઝરાયલના આર્મી ચીફે કહ્યું, આ તબક્કે વ્યૂહાત્મક અને વ્યૂહાત્મક પરિબળો છે જે અમને સુધારવા માટે વધુ સમય આપી રહ્યા છે. અમે તૈયારી માટે દરેક મિનિટનો લાભ લઈ રહ્યા છીએ.

તેમ સૈનિકોને કહ્યું, યુદ્ધ હમણાં જ શરૂ થયું છે. કમનસીબે, આપણે આની કિંમત પણ ચૂકવવી પડશે. આપણે જેમ હોવું જોઈએ તેમ તૈયાર રહેવું પડશે. આપણે માનસિક, શારીરિક અને સાધનસામગ્રીથી તૈયાર રહેવું જોઈએ. અમે જમીન પર ઉતરીશું અને હમાસનો નાશ કરીશું. નહિતર આપણું અસ્તિત્વ રહેશે નહીં. આ સ્થિતિ છે.

વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ IDFના યહાલોમ યુનિટના સૈનિકોને મળ્યા અને તેમને પ્રોત્સાહિત કર્યા. તેમણે કહ્યું, અમે આગળના તબક્કાની સામે ઉભા છીએ, તે આવી રહ્યો છે. અમારી પાસે એક જ મિશન છે. હમાસનો નાશ. જ્યાં સુધી અમે તે પૂર્ણ નહીં કરીએ ત્યાં સુધી અમે અટકીશું નહીં.

નેતન્યાહુએ કહ્યું કે જ્યાં સુધી હમાસનો સંપૂર્ણ નાશ નહીં થાય ત્યાં સુધી ઈઝરાયેલ ગાઝા પટ્ટીમાં લક્ષ્યો પર હુમલો કરવાનું બંધ કરશે નહીં. નેતન્યાહુએ પોતાના સૈનિકોને કહ્યું, અમે જબરદસ્ત તાકાતથી દુશ્મન પર હુમલો કરી રહ્યા છીએ. ગઈકાલે (સોમવારે) ગાઝા પરના હુમલાઓએ દુશ્મનને અત્યાર સુધીનો સૌથી સખત ફટકો આપ્યો હતો. અમે ડઝનબંધ આતંકવાદીઓને મારી નાખ્યા છે, કદાચ વધુ, અને અમે હાલમાં જે નુકસાન કર્યું છે તેના સંપૂર્ણ અવકાશની તપાસ કરી રહ્યા છીએ.

અમદાવાદમાં નશીલી દવા બનાવતી ત્રણ કંપનીઓમાં દિલ્હી એનસીબીના દરોડા

૫ કરોડની દવા જપ્ત : પાર્કોટિક હેલ્થ કેરનાં ડાયરેકટરની ધરપકડ

અમદાવાદ, તા.૨૫ : દિલ્હી ગઈઓએ અમદાવાદમાં મોટી કાર્યવાહી કરી છે. જેમાં અમદાવાદમાં દવાની ૩ કંપનીમાં દરોડા પાડ્યા છે. તેમાં પાર્કોટીક હેલ્થ કેર, કોપીડ હેલ્થસ્યુટીકલ્સ તથા નૈમિદ હેલ્થસ્યુટીકલ્સ પર ગઈઓએ દરોડા પાડ્યા છે. તેમજ પાર્કોટિક હેલ્થકેરના ડાયરેકટર જેનીસ ગાંધીની ધરપકડ કરવામાં આવી છે. નશીલી દવા બનાવતી કંપનીઓ તથા હોલસેલર પર દરોડા પડ્યા છે. અલગ અલગ કંપનીઓમાંથી ૧૯૪ જેટલા બોક્સ જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં નશીલી દવાઓની અંદાજે કિંમત ૫ કરોડ છે.

દિલ્હીની NCB ટીમે અલગ અલગ કંપનીઓમાં દરોડા પાડ્યા છે. NDPS એક્ટ હેઠળ NCBએ કાર્યવાહી કરી છે. અગાઉ મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચ અને મહારાષ્ટ્ર ડીઆરઆઈ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં રૂપિયા ૫૦૦ કરોડની કિંમતનો ડ્રગ્સનો અને ડ્રગ્સ બનાવવાનું મટિરિયલ મળી આવ્યું હતું. નશીલી દવા બનાવતી કંપનીઓ તથા હોલસેલર પર દરોડા પડ્યા છે. અલગ અલગ કંપનીઓમાંથી ૧૯૪ જેટલા બોક્સ જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં નશીલી દવાઓની અંદાજે કિંમત ૫ કરોડ છે.

મહારાષ્ટ્રના ઔરંગાબાદ (છત્રપતિ સંભાજીનગર)માં અગાઉ અમદાવાદ ક્રાઈમબ્રાંચે બાતમીને આધારે ડીઆરઆઈના અધિકારીઓ સાથે મહારાષ્ટ્ર જીઆઈડીસીમાં આવેલી શ્રી મહાલક્ષ્મી કેમીકલ વર્કસ નામની ધ્વાની ફેક્ટરીમાં દરોડો પાડીને જીતેશ હિન્ગોરિયા (પટેલ) અને તેના પાર્ટનર સંદીપકુમાર કુમાવત (ઔરંગાબાદ) સહિત ત્રણ લોકોની ધરપકડ કરીને ફેક્ટરી, ઓફિસ અને ઘરમાં સર્ચ ઓપરેશન દરમિયાન ૩૦ કિલો કોકેઈન, સાડા ચાર કિલો મેકેડ્રોન, સાડા ચાર કિલો કેટામાઈન અને ૧૦ કિલો જેટલું મેફેડ્રોન ઉપરાંત, ડ્રગ્સ બનાવવાનું કેમીકલ અને ૩૦ લાખની રોકડ જપ્ત કરવામાંઆવી હતી. જેના આંતરરાષ્ટ્રીય બજાર કિમંત ૫૦૦ કરોડ જેટલી અંદાજવામાં આવી હતી.

યાત્રાધામ બદરીનાથનાં કપાટ શીતકાલ માટે ૧૮મી નવેમ્બરે બંધ કરાશે

ગંગોત્રી ધામનાં કપાટ ૧૪મી નવેમ્બરે બંધ થશે

દહેરાદુન તા.૨૫ : બદરીનાથ ધામનાં કપાટ બંધ થવાની તારીખ નકકી થઈ ગઈ છે. જે મુજબ કપાટ શીતકાલ માટે ૧૮ નવેમ્બરે સાંજે ૩-૩૦ વાગ્યે બંધ થઈ જશે. બદરીનાથ કેદારનાથ મંદિર કમીટીનાં અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું હતું કે મંગળવારે વિજયાદશમીનાં અવસરે બદરીનાથ પરિસરમાં આયોજીત એક સમારોહમાં પંચાગ ગણતરી બાદ કપાટ બંધ થવાની તારીખ નકકી કરવામાં આવી છે.આ સમારોહમાં હજારો લોકો ઉપસ્થિત હતા. ઉલ્લેખનીય છે કે હાલમાં અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૧૬ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ બદરીનાથના દર્શન કર્યા હતા. ગંગોત્રી ધામમાં ૧૪ નવેમ્બરે ૧૧-૧૪ વાગ્યે કપાટ બંધ કરાશે.

લોંગ કોવિડની અસર અને વધતા હવાના પ્રદુષણથી સમસ્યા વધી છે

હૃદય બાદ ફેફસા પણ નબળા પડી રહ્યા છે; માસ્કથી શ્રેષ્ઠ રક્ષણ

દિલ્હી તો વિશ્વની પ્રદુષણ રાજધાની પણ છે હવે આ સમસ્યા મોટા શહેરો–મહાનગરોમાં ધીમા પગલે વધી રહી છેઃ સુરક્ષા જ સાવધાની છે

મુંબઈઃ કોરોના કાળે આપણને માસ્કનો અનુભવ કરાવ્યો હતો અને કોરોના ગયા બાદ લોંગ કોવિડ એ એક સમસ્યા બની ગઈ છે અને કોરોના એ ફેફસા પર વધુ આક્રમણ કર્યું હતું. જેના કારણે ફેફસા નબળા પડવાથી શ્વાસનળીને નુકસાન થવાથી અને આસપાસ પ્રદુષણ વધવાથી હવે એક તરફ અસ્થામાના દર્દીઓ વધવા લાગ્યા છે અથવા તો ફેફસાના કાર્યને ફૂંકે તેવા પણ દર્દી વધ્યા છે. ઈન્ફેકશન અને સીઝનલ વાયરલ એ રોગ માટે ખૂબજ સામાન્ય રીતે વપરાતો શબ્દ છે તેમાં હવામાનની ભૂમિકા પણ છે. મીકસ વાતાવરણથી આપણું શરીર હજુ ટેવાયેલું નથી તેથી સીઝનલ ફેરફારનો ભોગ બહુ ઝડપી બની જવાય છે.

મુંબઈમાં હાલમાં જ આ પ્રકારના કેસ વધ્યા તેના પર નિરીક્ષણ વ્યકત કરતા ચેસ્ટ- સ્પેશ્યાલીસ્ટ- (છાતીના દર્દોના નિષ્ણાંત) સુજીત રાજન કહે છે કે ફેફસાની ક્ષમતા નબળી બની રહી છે. તેઓ કહે છે કે અત્યાર સુધી અસ્થામાના દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર રહેતી ન હતી. કારણ કે તેઓને ઈન્હેલરની સુવિધા હતી પણ છેલ્લા થોડા સમયથી લાંબાગાળાની અસ્થામાથી પીડીતોને તેમની સ્થિતિ જોયા બાદ હોસ્પીટલે દાખલ થવાની સલાહ આપવી પડી છે. થાણેની જયુપીટર હોસ્પીટલનો પણ ડો. માનસનો પણ આ પ્રકારનો અભિપ્રાય છે. ખાસ કરીને શ્વાસને લગતી બિમારીના કેસોમાં મોટો વધારો થયો છે. તેઓ કહે છે કે દર્દીની પરીસ્થિતિ મુજબ હું તેઓને વહેલી સવારે વોકીંગમાં નહી જવા સલાહ આપુ છું જે સમયે હવાનું પ્રદૂષણ સામાજીક ઉંચુ હોય છે. દિલ્હીનો દર શિયાળામાં હવાના પ્રદૂષણનો સૌથી વધુ ભોગ બને છે પણ મુંબઈમાં ગત શિયાળામાં હવાનું પ્રદૂષણ અત્યાર સુધીના સૌથી ઉંચા સ્તરે પહોંચી ગયું હતું જે ૩૦૦+ એટલે કે હેઝાર્ડીયલ- ખતરનાક તબકકો ગણાય છે. વ્યસ્ત ટ્રાફીક, ગીચ બહુમાળી અને સતત રીતે લોકોના આવાગમનથી હેલ્થી એન્વાર્યમેન્ટ હવે ફકત એક કલ્પના જ બની ગયા છે.

આ સ્થિતિએ તમો બહાર માર્ગ પર એન્ટી પોલ્યુશન માસ્ક પહેરવાનો હવે તબીબો આગ્રહ રાખે છે. ઘરમાં જ પણ પ્રદૂષણ પ્રવેશી રહ્યું છે તો હવા સ્વચ્છ કરે છે તેવા પ્યોરીફાયર પણ જરૂરી બની જશે. તમને તમારી ખાનપાનની આદત પણ બદલીને થોડા હેલ્થી ફુડ પર જવુ પડશે. જીવવાને મુંબઈને અત્યાર સુધી દરિયાઈ હવાથી પ્રદુષણ સામે રક્ષણ અપાતું હતું પણ જે રીતે મહાનગરમાં જ ટ્રાફિક બાંધકામ પ્રવૃતિ હવાઈ પ્રવૃતિ વધી રહી છે માટે તે સુરક્ષા અધુરી પુરવાર થઈ રહી છે.

દિલ્હીમાં પોલ્યુશન મોનીટર ઘરમાં હવે દેખાવા લાગ્યા છે. થોડુ પણ પ્રદુષણ વધ્યું તો તુર્ત જ એરઈમોરીફાયર ચાલુ થઈ જાય છે અને વધેલી માત્રા ઘટાડી દે છે.હાલમાં જ મુંબઈમાં એર પોલ્યુશન સર્ચ કરાયો તો સર્વેમાં સમાવાયેલા ૫૦%થી વધુને રોજબરોજના એન્ટીપોલ્યુશન માસ્કની જરૂર લાગી જ હતી અને આ પરીસ્થિતિમાં માસ્ક જ શ્રેષ્ઠ છે.

આદિ કૈલાશથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની જીપ નદીમાં પડીઃ ૬ શ્રદ્ધાળુઓના મોત

દેહરાદૂન/પિથૌરાગઢઃ તા. ૨૫ : ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લામાં એક વાહન નદીમાં પડતાં છ લોકોનાં મોત થયાં છે. ઘટના મંગળવારે બપોરે બની હોવાનું જાણવા મળે છે. જીપમાં છ લોકો હતા, જેમાંથી ચાર બેંગ્લોરના હોવાનું કહેવાય છે. મંગળવારે બપોરે ધારચુલા-ગુંજી મોટર રોડ પર ગરબાધાર પાસે, આદિ કૈલાશ યાત્રાળુઓને લઈ જતી પેસેન્જર જીપ કાલી નદીમાં ૫૦૦ મીટર નીચે પડી હતી. જીપમાં ડ્રાઈવર સહિત છ મુસ-ાફરો સવાર હતા.

અકસ્માતની જગ્યા અત્યંત જોખમી હોવાથી અને ભારે વરસાદને કારણે મુસાફરોને બચાવી શકાયા નથી. જે જગ્યાએ અકસ્માત થયો તે ખૂબ જ ખતરનાક ખડકાળ ઘાટ છે. આવી સ્થિતિમાં, કોઈના બચવાની આશા ઓછી છે. આ ઘટના મંગળવારે બપોરે બની હોવાનું કહેવાય છે પરંતુ માહિતી સાંજના સમયે જ જિલ્લા મથકે પહોંચી હતી. જે બાદ વહીવટીતંત્રે બચાવ કામગીરી હાથ ધરવા માટે SDRF અને અન્ય એજન્સીઓને ઘટનાસ્થળે મોકલી હતી, પરંતુ વરસાદ અને ખરાબ હવામાનને કારણે બચાવ કાર્યમાં અડચણ ઊભી થતાં બચાવ કાર્ય હવે સવાર સુધી સ્થગિત કરી દેવામાં આવ્યું છે. અકસ્માત સ્થળ પર નેટવર્કની સમસ્યા છે

જેના કારણે મુખ્યાલયને બચાવ ટીમનો સંપર્ક કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પિથોરાગઢના એસપી લોકેશ્વર સિંહના જણાવ્યા અનુસાર, મુસાફરોને બચાવવા માટે પોલીસ અને એસડીઆરએફની ટીમ મોકલવામાં આવી હતી પરંતુ વરસાદ અને અંધકારને કારણે બચાવ કાર્ય થઈ શક્યું ન હતું. ડુંગર પરથી પથ્થરો પડવાથી પણ અડચણ ઊભી થઈ હતી. ઈંઝઈક તરફથી મળેલી યાદી અનુસાર જીપમાં છ લોકો હોવાનું કહેવાય છે.

કાલે કેવડીયામાં વેસ્ટર્ન ઝોનના વાઈસ ચાન્સેલર્સની કોન્ફરન્સઃ મુખ્યમંત્રીના હસ્તે થશે ઉદઘાટન

રાષ્ટ્રીય શિક્ષણ નિતીના સરળ અમલીકરણ અંગે રોડમેપ તૈયાર થશે



ગાંધીનગર,તા.૨૫

નર્મદા જિલ્લાના કેવડીયામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં આયોજીત કરાયેલ વેસ્ટર્ન ઝોનના વાઈસ ચાન્સેલરની કોન્ફરન્સનું ઉદઘાટન આવતીકાલ તા.૨૬ને ગુરૂવારે સવારના ૯-૩૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવનાર છે.

જયારે આજે તા.૨૫ના સાંજના ૬-૩૦થી ૭-૩૦ કલાક દરમિયાન વિવિધ સાંસ્કૃતિક ગરબા-પ્રાચીન અર્વાચીન, ટીમલી અને ટ્રેડીશનલ રાસ પ્રસ્તુત કરાશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૨૪ના

ભાગરૂપે એક પ્રિ-સમિટ તરીકે યોજાનારી આ કોન્ફરન્સમાં ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ-દીવ, ગોવા અને દાદરાનગર હવેલીના ૪૦૦થી વધુ વાઈસ ચાન્સેલર્સ અને એનઈપી કોઓર્ડિનેટર્સ ભાગ લેશે.

તેઓ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સરળ અમલીકરણ અંગે વિવિધ સત્રોમાં સહભાગી બની ગહન ચિંતન-ચર્ચા -વિચારણા કરશે અને એક રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ એક દિવસીય કોન્ફરન્સમાં ગુજરાતના આરોગ્ય, તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ તેમજ સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ માટેના રાજયકક્ષાના મંત્રી પ્રફુલ્લ માનશેરિય પણ આ કાર્યક્રમમાં સહભાગી થશે.

ભારત સરકારના યુનિવર્સીટી ગ્રાન્ટ્સ કમીશનના અધ્યક્ષ પ્રો. એમ. જગદીશકુમાર અને એઆઈસીટીઈના અધ્યક્ષ પ્રો. ટી.જી. સીથારામ જેવા મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. સરકારી અને પ્રાઈવેટ યુનિ.ના વી.સી. અને રજીસ્ટ્રાર પણ ભાગ લેશે. એકસેસ ટુ કવોલિટી એજયુકેશન રિસર્ચ સહિતના મુદ્દા પર ચર્ચા કરાશે

ઉતરાખંડમાં ફરી જોરદાર હિમવર્ષાઃ કડકડતી ઠંડી

અનેક ભાગોમાં હવામાન સીંગલ ડીજીટમાં સરકયુ

દહેરાદૂન તા.૨૫ : ઉતરાખંડમાં હવામાન શુષ્ક થઈ ગયું છે. તાજેતરમાં કેદારનાથ-બદરીનાથ સહિત ઉંચી પહાડીઓમાં થયેલી હિમવર્ષાથી પર્વતીય ક્ષેત્રોમાં ફડફડતા ઠંડીનો દોર શરુ થઈ ગયો છે, જયારે મેદાની વિસ્તારોમાં પણ ન્યુનતમ પારો ગગડવા લાગ્યો છે. ભારે તડકાને કારણે હાલ દિવસે હળવી ગરમી યથાવત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં આગામી કેટલાક દિવસ હવામાન શુષ્ક રહી શકે છે.

ચારધામ સહિત મોટાભાગના પર્વતીય ક્ષેત્રોમાં આંશિક વાદળછાયુ વાતાવરણ છે પરંતુ આખો દિવસ હવામાન શુષ્ક રહ્યું હતું. આગામી કેટલાક દિવસ આવું હવામાન યથાવત રહી શકે છે.

જો કે ન્યુનતમ તાપમાનમાં ઘટાડો આવી રહ્યો છે. સવાર-સાંજ ઠંડી વધવાના એંધાણ છે. ઉતર ભારતનાં મોટાભાગના વિસ્તારોમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સથી ગત અઠવાડીયામાં પણ હવામાન પલ્ટો સર્જાયો હતો અને ઠંડીનો માહોલ ઉભો થયો હતો. હવે ખાસ કરીને ઉતરાખંડમાં ફરી વખત હિમવર્ષા થઈ છે.

વધુ સુરક્ષા રેટીંગ ધરાવતી કારના વીમા પ્રિમીયમમાં છુટછાટ મળશે

ભારત ન્યુ કાર એસેસમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત કેન્દ્ર સરકાર પ્રસ્તાવ પર કરી રહી છે વિચારઃ ચાર અને પાંચ સ્ટાર રેટીંગ કારોને અપાશે મહત્વ

નવી દિલ્હી તા.૨૫

દેશમા એક ઓકટોબરથી લાગુ વાહન દુર્ઘટના પરીક્ષણ (ક્રેશ ટેસ્ટ) કાર્યક્રમ ભારત એનસીએપીને (બીએનસીએપી) સફળ બનાવવા માટે સરકાર મોટુ પગલુ ઉઠાવવાની તૈયારીમાં છે જે અંતર્ગત બીએનપીએસમાં વધુ સુરક્ષા રેટીંગ મેળવનાર ગાડીઓમાં વીમા પ્રિમીયમમાં છૂટ આપવામાં આવશે. કેન્દ્રીય માર્ગ પરિવહન તેમજ રાજમાર્ગ મંત્રાલય આ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું છે.

જાણવા મળેલી વિગત મુજબ આ બારામાં મંત્રાલય ટુંક સમયમાં એક બેઠક કરશે જેમાં સરકારનાં અધિકારીઓની સાથે વાહન કંપનીઓ વીમા, નિયામક ઈરડાનાં મોટા અધિકારીઓ સામેલ થઈ શકે છે મામલા સાથે સંકળાયેલા લોકોનું કહેવુ છે કે સરકાર દેશમાં એ વાહનોને પ્રોત્સાહન આપવા માગે છે જેમને સુરક્ષાનાં આધારે સૌથી વધુ સ્ટાર મળ્યા છે.

કેન્દ્ર સરકારનું માનવુ છે કે, ઉચ્ચ સુરક્ષા ધોરણો ભારતીય વાહનોને વૈશ્વીક બજારમાં સારી રીતે મુકાબલો કરવામાં મદદ કરશે અને ભારતીય કાર નિર્માતાઓને નિકાસ ક્ષમતાઓને પ્રોત્સાહન મળશે.

બજાર વિશેષજ્ઞોનું કહેવુ છે કે હજુ સીમા કંપનીઓ ઓછા પ્રિમીયમ પર આવી કારોને કવરેજ પ્રદાન કરે છે જે કારો આધૂનિક સુરક્ષા ઉપકરણોથી સજજ હોય છે. તેમાં ચોરી કે અન્ય ક્ષતિઓની સંભાવના ઓછી હોય છે જે કારો નવા ભારત એનસીએપી કાર્યક્રમ અંતર્ગત ઉચ્ચ સુરક્ષા રેટીંગ હાંસલ કરશે.કંપનીઓ તેને પણ પ્રિમીયમ પર છુટ આપી શકે છે. જોકે આ છૂટ થર્ડ પાર્ટી પ્રિમીયમમાં જોવા મળે છે અને એ વાહનોનું વધુ પ્રિમીયમ વસુલે છે જે આ કાર્યક્રમ અંતર્ગત રજીસ્ટર્ડ નથી.

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વિજયાદશમી પર્વની ઉમંગભેર ઉજવણી : ઠેર ઠેર રાવણદહન-શસ્ત્રપૂજન

રાજકોટ, તા.૨૫

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઈકાલે વિજયાદશમી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર રાવણદહન, શસ્ત્રપૂજન, શાસ્ત્રપૂજન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ગઈકાલે લોકોએ જલેબી-ગાંઠીયા ખાઈને વિજયાદશમી પર્વ ઉજવ્યું હતું. રાજકોટમાં વિવિધ દ્વારા રેસકોર્ષ મેદાન પર રાવણ દહન, શસ્ત્રપૂજન તથા આતશબાજીના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે હજારો લોકો ઉમટી પડયા હતા.ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે દશેરા નિમિતે શસ્ત્ર પુજન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. દશેરા પર્વ પર શસ્ત્ર પુજનની વિશેષ મહિમા અને પરંપરા હોય ત્યારે આજના દિવસે અંધકાર પર અજવાળાનો વિજય, અસત્ય પર સત્યનો વિજય અને આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજય થયેલ જે અનુસંધાને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક કચેરી ખાતે વિજયા દશમી પર્વ નિમિતે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જીલ્લાના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ સાથે શસ્ત્ર પુજન કરીને વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી તેમજ આજના દિવસે રાજ્ય અથવા દેશના રક્ષણ માટે લડવાના તમામ હથિયારોને એકત્રિત કરી હથિયારોનું પુજન કરવામાં આવેલ હતું.સોમનાથ મહાદેવને વિજયાદશમીના તહેવાર નિમિતે વિવિધ રંગબેરંગી પુષ્પોનો શ્રૃંગાર કરવામાં આવેલ જેને દર્શનાર્થીઓ દર્શન કરી ધન્યતા અનુભવી. તેમ દેવાભાઇ રાઠોડે જણાવેલ છે. માંગરોળ શ્રી ગરાસીયા રાજપુત સમાજ દ્વારા વિજયા દશમી નુ ભવાની માતાજી દરબારગઢ ના સાનિધ્ય મા શાસ્ત્રોકત વીધી સાથે શસ્ત્ર પુજન અર્ચન કરવામા આવ્યુ અને ભવાની માતાજી ના મંદિરે થી રાજપુત સમાજ દ્વારા શાફા મા સજ્જ થઈ તલવારો સાથે વિશાળ શોભાયાત્રા કાઢવામા આવેલ તેમનુ લીમડાચોક ખાતે વિશ્વ હીંદુ પરિષદ દ્વારા રાજપુત સમાજના આગેવાનોનુ તેમજ શસ્ત્રનુ કુમકુમથી તિલક કરી ફુલહાર પહેરાવી પુષ્પો વરસાવીને સન્માન કરવામા આવ્યુ હતુ અને લીમડાચોકમાં તલવાર રાસની રમઝટ બોલાવી હતી ત્યાથી રામદેવજી મહારાજના મંદિરે પહોચી ત્યા પુજન અર્ચન કરી પ્રસાદી લઈ ને શોભાયાત્રા પુર્ણ થઈ હતી.

પારીવારીક માહોલમાં બાય-બાય નવરાત્રી થી કલબ યુવી-૨૦૨૩ રાસોત્સવની પૂર્ણાહુતી

કડવા પાટીદારની વિવિધ ૨૫ જેટલી સંસ્થાઓના હોદેદારો પરિવારજનો એ સાથે મળી રાસોત્સવનો આનંદ માણ્યો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૫

શહેરના સેકન્ડ રીંગ રોડ પર ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવમાં ગઈકાલે દશેરાના દિવસે બાય-બાય નવરાત્રીની રંગે ચંગે ઉજવણી સાથે કલબ યુવી નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ ની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. દરરોજ હજારો દર્શકો અને ૧૦,૦૦૦ થી વધુ ખલૈયાઓ સમગ્ર નવરાત્રી દરમ્યાન રાસોત્સવનો આનંદ માણ્યો હતો.

રાજકોટના ૧૫૯ ફુટ રીંગ રોડ પર આયોજીત ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવમાં હર વર્ષ નવરાત્રીના આગલા દિવસે વેલકમ નવરાત્રીનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવે છે. પરંતુ વરસાદી વાતાવરણને કારણે તે કાર્યક્રમ રદ કરવામાં આવતા રાજકોટ શહેરમાં કાર્યરત ઉમિયા પરિવારની ૨૫ જેટલી વિવિધ સંસ્થાઓ તથા શ્રેષ્ઠીઓ સમગ્ર પરિવાર સાથે સહિયારો રાસોત્સવ માણી શકે તે હેતુ સર ગઈકાલે વિજયાદશમીના રોજ બાય-બાય નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યુ હતુ

ગઈકાલે કલબ યુવી આયોજીત બાય-બાય નવરાત્રીમાં અતિથિ વિશેષ તરીકે ઉમિયાધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા કલબ યુવીની મુલાકાત લઈ રાસોત્સવ નિહાળ્યો હતો. પાટીદાર ભામાશા જીવનભાઈ ગોવાણી, કાંતીભાઈ માકડીયા, ઉમિયા પરિવાર

સંગઠન સમિતિના સરોજબેન મારડીયા, જયોતીબેન ટીલવા, કલબ યુવીના બોર્ડ ઓફ ડાયરેકટરો તથા કમીટી મેમ્બરો એ વિજયા દસમીના રોજ માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો.

કલબ યુવી નવરાત્રીમાં ગઈ કાલે યોજાયેલ બાય-બાય નવરાત્રીમાં સંપૂર્ણ પારીવારીક માહોલમાં વિવિધ પાટીદાર સંસ્થાઓના હોદેદારો પરિવારજનો, કલબ યુવી ના હોદેદારો, સ્પોન્સર પરિવારો, ટીમ મેમ્બરોના પરિવારોએ ટ્રેડીશ્નલ ડ્રેસમાં સજજ થઈ રાસોત્સવનો માણ્યો હતો. કલબ યુવી ના સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ કલબ યુવીના એડવાઈઝરી ડાયરેકટર મૌલેશભાઈ ઉકાણી, સ્મિતભાઈ કનેરીયા એ પાટીદાર પરિવારોને એક મંચ પર નવરાત્રી મહોત્સવનો આનંદ માણવા માટે સફળ આયોજનના શિલ્પી કલબ યુવી ના કમીટી મેમ્બરની કાર્યશક્તિને બિરદાવી હતી. નવ દિવસ માતાજીની આરાધના સાથે ખેલૈયાઓ અને દર્શકોએ મન ભરી આ ઉત્સવને માણ્યો હતો. કલબ યુવી દ્વારા સફળતા પુર્વક નવરાત્રી મહોત્સવ પારીવારીક માહોલમાં સંપન્ન થયો હતો.(૪.૧)

કોઠારીયા કોલોની યુવા ગ્રુપ અને જીલ્લા નારી સુરક્ષા સમિતિ દ્વારા શરદોત્સવ

શનિવારે શેઠ હાઈસ્કુલમાં નિ:શુલ્ક પ્રવેશ વિનામૂલ્યે મહિલાઓને રાસ રમવા દેવાશે પાસનું વિતરણ આવતીકાલથી શરૂ થશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઈ સોલંકી)મહંત શ્રી આપા ગીગાનો ઓટલો ચોટીલાના આર્શીવચની અને માર્ગદર્શન હેઠળ કોઠારીયા કોલોની યુવા ગ્રુપ અને જીલ્લા નારી સુરક્ષા સમિતિ-રાજકોટના સંયુકત ઉપક્રમે વર્ષોની પરંપરા મુજબ ક્રિષ્ના મહિલા રાસોત્સવ-૨૦૨૩ તા.૨૮-૧૦ને શનિવારે શરદપૂર્ણિમાના દિવસે ૮૦ ફૂટ રોડ,શેઠ હાઈસ્કુલમાં યોજાશે રાત્રે ૮ કલાકે દિપપ્રાગટય(ઉદ્ઘાટન) નાની બાળાઓના હસ્તે કરી ૨૪મો શરદોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુકાશે દર વર્ષે સંસ્થા અને દાતાઓના આર્થિક સહયોગથી શહેરના

કોઈપણ બહેનોને નાત-જાતના ભેદભાવ વગર નાના-મોટા તમામ બહેનોને નિ:શુલ્ક પ્રવેશ તેમજ કોઈપણ પ્રકારની ફી લીધા વગર આ પ્રાચીન રાસોત્સવમાં ભાગ લેવા દેવામાં આવશે. કાર્યક્રમના અંતે જજ(નિર્ણાયકો)દ્વારા પસંદગી પામેલા બહેનોને ગીફટ(ભેટ) આપવામાં આવે છે. મહિલા રાસોત્સવના એન્ટ્રી અને રમવાના પાસનું વિતરણ ફકત બહેનોને વિનામૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે આવતીકાલે તા.૨૬-૧૦ ગુરૂવારે સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૮ ચોઈસ મેકર્સ,ગીફટ શોપ નવકાર મેડીકલ વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોઠારીયા કોલોની યુવા ગ્રુપના પ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા,એડવોકેટ ઈંદુભા રાઓલ,પૂર્વ ફૌજી નટુભા ઝાલા હેમાબેન કક્કડ,પદમાબા ચૌહાણ,સ્મૃતિબેન જોષી,સરલાબેન પાટડીયા,શ્યામલ રાચ્છ, નવીનભાઈ પાટડીયા, નલીનભાઈ ચૌહાણ સહિતના યુવા આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.(૪.૧)

અમદાવાદ-વારાણસી,અમદાવાદ-પુણે સહિત સાત ટ્રેન રાજકોટ લંબાવવા માંગ

છ ટ્રેનો લંબાવવાની મંજૂરી બાદ સાંસદ રામભાઈ મોકરીયાની વધુ રજૂઆત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં વંદે ભારત ટ્રેન શરૂ થયા બાદ અમદાવાદ પડી રહેતી છ ટ્રેન રાજકોટ સુધી લંબાવવાની મંજુરી રેલવે તરફથી આપવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદ-વારાણસી, અમદાવાદ-પૂર્ણ દુરન્તો એકસપ્રેસ સહિતની વધુ સાત ટ્રેન રાજકોટ સુધી લંબાવવા સાંસદ રામભાઈ મોકરીયાએ કેન્દ્રીય રેલવે મંત્રી વૈષ્ણવ, રાજય રેલ મંત્રી દર્શનાબેન જરદોષને રજુઆત કરી છે.સાંસદ રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે તેમણે રેલવે સંબંધિત ૧૧ માગણી કરી હતી. જેમાં અમદાવાદ- પટણા ટ્રેન, અમદાવાદ-પ્રયાગરાજ, અમદાવાદ

-કલકત્તા,અમદાવાદ-કોલ્હાપુર, અમદાવાદ- ના ગ પુ ર, અમદાવાદ- હજરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાન્તી એકસપ્રેસ મળી કુલ છ ટ્રેન રાજકોટ સુધી લંબાવવાની અગાઉ કરાયેલી માગણી સંતોષવામાં આવી છે.આ ઉપરાંત વધુ સાત ટ્રેન અમદાવાદ-વારાણસી, અમદાવાદ-યશવંતપુર, અમદાવાદ પૂના દુરાન્તો એકસપ્રેસ, અમદાવાદ મદ્રાસ(ચેન્નઈ), અમદાવાદ આશ્રમ એકસપ્રેસ, ઓખા ગોહાટી, અમદાવાદ-અજીમાબાદ એકસપ્રેસ રાજકોટ સુધી લંબાવી આપવા માગણી કરવામાં આવી છે. જેનો નિર્ણય ટુંક સમયમાં લેવામાં આવશે.

સાંસદ મોકરીયાએ જણાવ્યું હતું કે તેમણે કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ રાજકોટ-સૌરાષ્ટ્રના રેલસંદર્ભમાં કુલ ૧૯ માગણીઓ રજુ કરી છે. જેમાં લોકલ ટ્રેન બંધ છે તે ચાલુ કરવી, સિનિયર સિટીઝનોને ટિકિટમાં લાભ આપવા, હરિદ્વાર માટે સમાહમાં ત્રણ દિવસ રાજકોટથી ટ્રેન ચલાવવી, દુરન્તો એકસપ્રેસને બોરીવલી સ્ટેશને સ્ટોપ આપવો, નાથદ્વારા ટ્રેન લંબાવવી, કચ્છ જવા માટે ડેમુ- પેસેન્જર ટ્રેન રાજકોટથી શરૂ કરવી વગેરેનો સમાવેશ થાય છે.

કુલ ૧૦ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવાની રજુઆત હતી જેમાંથી ૬ ટ્રેન લંબાવવાની મંજુરી આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

બાબરાનાં મોટા દેવળીયા ગામે પોલીસ ચોકી માટે ફાળવેલ જગ્યામાં દબાણ

પોલીસ વિભાગે વાયર ફેન્સીંગ કરેલ તેને પણ દબાણકર્તાએ તોડી નાખ્યા

(ભિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી,તા.૨૫

બાબરા તાલુકાનાં મોટા દેવળીયા ગામે પોલીસ દ્વારા આઉટ પોસ્ટ માટે મકાન તથા કચેરી બનાવવા માટે ગામતળની જમીનમાં સરકાર દ્વારા પ્લોટ નં. ૨૩, ૨૪, ૩૧, ૩૨ ફાળવેલ હોય. આ જમીન ફરતે તારફેનસીંગ તથા લોખંડના તાર બાંધવામાં આવ્યા હતા. તે વાયર ફેન્સીંગને તેજ ગામે રહેતાઆરોપી દુદાભાઈ ભાયાભાઈ બોદરીયા તથા રામભાઈ દુદાભાઈ બોદરીયાએ કાપી નાખી રૂા. ૫૦૦નું નુકસાન કર્યાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

બગસરાનાં સાપર ગામે નદીમાં ઝંપલાવી વૃધ્ધે આત્મહત્યા કરી લીધી

(ભિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી,તા.૨૫

બગસરા તાલુકાના સાપર ગામની બહાર આવેલ નદીમાં પડી હિંમતભાઈ મેરામભાઈ ચુંમકીયા નામના વૃધ્ધે માનસિક બીમારીથી કંટાળી વૃદ્ધે આપઘાત કરી લીધો હતો. આ બનવાની જાણ ગામના સરપંચ ધનસુખભાઈ મોહનભાઈ સીલુ તથા તાલુકા પંચાયત બગસરાના સદસ્ય કાંતિભાઈ વેકરીયાને થતાં તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. અને બગસરા પોલીસ અને ફાયર વિભાગને જાણ કરતા ફાયર ટીમ અનેપોલીસ ઘટના સ્થળેપહોંચી ગઈ હતી. ફાયર ટીમ દ્વારા નદીના પાણીમાં વૃધ્ધની શોધખોળ આદરી હતી દરમિયાન લાશ મળી આવી હતી.વૃધ્ધ અસ્થિર મગજના હોય અને તેઓ અગાઉ ગ્રામ પંચાયતમાં નોકરી કરતાં હતાં. તેવું પ્રાથમિક તપાસમા બહાર આવ્યુ.

સ્વચ્છતા હી સેવા અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે

કેમ્પસના વિવિધ માર્ગો પર સફાઈ ઝુંબેશ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

ભારત સરકાર દ્વારા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવાનું આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અને શહેરી દ્વારા તા.૧૫/૦૯ થી તા.૦૨/૧૦ સુધી સંયુકત રીતે સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્વચ્છતા એ જ સેવાના ભાગરૂપે રાજયમાં તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવશે, જેના ભાગરૂપે તા.૨૪/૧૦ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે કેમ્પસના વિવિધ માર્ગો પર સઘન સફાઈ ઝુંબેશ કરવામાં આવી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિવિધ ભવન અને જુદા જુદા માર્ગો ખાતે સફાઈ ઝુંબેશ અંતર્ગત મેયર નયનાબેન પેઢડીયા, સંસદ સભ્ય મોહનભાઈ કુંડારિયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષભાઈ રાડીયા, સૌરાષ્ટ્ર યુનવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ નિલામ્બરીબેન દવે, રજિસ્ટ્રાર ડો.એચ.પી. રૂપારેલીઆ, સેનિટેશન સમિતી ચેરમેન નિલેશભાઈ જલુ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, કોર્પોરેટર આશાબેન ઉપાધ્યાય તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનનાં હેડ અને સોલિડ વેસ્ટ શાખાના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

ભાવનગર-રાજકોટ એસ.ટી. બસ સેવાની લોકમાંગ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

ભાવનગર - રાજકોટ રાજ્ય ધોરીમાર્ગની કુલ લંબાઈ ૧૭૫ કિ.મી. છે, ખૂબ જ લંબાઈ ધરાવતા આ ધોરીમાર્ગ ખાતે એક પણ એસ.ટી.ડેપો કમ વર્કશોપની સુવિધા ઉપલબ્ધ નથી.સિહોર, ઢસા (જંકશન), બાબરા, આટકોટ ખાતે માત્ર કંટ્રોલ પોઈન્ટ સેવા હોય ત્યાંથી મુસાફર જનતા માટે નવિન બસ સેવાનું સંચાલન શરૂ થઈ શકતું નથી.ભાવનગર એસ.ટી.ડેપો દ્વારા,સવારે ૪:૩૦ કલાકે, ગુજરાતના પાટનગર ગાંધીનગર જવા માટે બસ સેવા ઉપલબ્ધ છે, તે પ્રકારે જ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ માટે સવારે ૪:૩૦ કલાકે, એસ.ટી.બસ સેવા શરૂ કરવાની તાતી જરૂરિયાત છે.દરરોજ વહેલી સવારે રાજકોટ,જામનગર, કાલાવડ, ધ્રોલ, દ્વારકા, મોરબી, કચ્છ વગેરે તરફ પહોંચવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં શહેર તથા રાજ્ય ધોરીમાર્ગ ખાતે મુસાફર જનતા હોય છે પરંતુ હાલ સવારે ૪:૩૦ કલાકે, એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોવાથી મુસ-ાફર જનતાને ન છૂટકે, જીવન જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી રહી છે.અગાઉ અનેક વખત મુસાફરોએ ભાવનગર વિભાગીય વડાને લેખિતમાં રજૂઆત કરવા છતાં ઉપરોક્ત માંગ સંતોષવામાં આવતી નથી.(૪.૧)

દિવાળીના તહેવારોને અનુલક્ષીને લોકોની સુખાકારી માટે જાહેર આરોગ્યલક્ષી બાબતોની સમિક્ષા

સાવચેતીના ભાગરૂપે જરૂરી પગલા લેવા આરોગ્ય શાખાના તમામ અધિકારીઓને જરૂરી સુચના અપાઇ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

સ્ટે. કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને આરોગ્ય સમિતીના ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા આરોગ્ય શાખા હસ્તકના તમામ જુદા-જુદા વિભાગના અધિકારીઓની બેઠક યોજવામાં આવેલ. જેમાં આગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને જાહેર આરોગ્ય તથા લોકોની સુખાકારી લગત બાબતો માટે આરોગ્ય અધિકારી, તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીઓ, આર.સી.એચ.ઓ., બાયોલોજીસ્ટ, ડેઝીગ્નેટેડ ઓફિસર, સી.પી.સી., સહિતના અધિકારીઓ સાથે હાલની કામગીરીની સમિક્ષા માટે બેઠક યોજવામાં આવેલ હતી.

આ બેઠકમાં મેલેરીયા વિભાગ, આરોગ્ય કેન્દ્રો, આયુષ્યમાન ભારત, રોગચાળાની આંકડાકીય માહિતી, ફુડ વિભાગની કામગીરી, લગત માહિતીની સમિક્ષા કરી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ, જેમાં મેલેરીયા વિભાગને વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને 'વન ડે થ્રી વોર્ડ' કામગીરીનું શેડ્યુલ તૈયાર કરી મંદિરો, બાગ-બગીચા, શાળાઓ, સહિત તમામ જાહેર સ્થળોએ સઘન ઝુંબેશ હાથ ધરવા, રોગચાળાના આંકડાઓ નિયમિતપણે મળતા રહે, તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે સાઈનબોર્ડ અને સી.સી.ટી.વી. કેમેરાની જરૂરીયાત બાબતે, આયુષ્યમાન યોજનાનો લાભ નિયમીત મળતો રહે તે બાબતે, ફૂડ વિભાગને દૂધની મીઠાઓ અને ફરસાણના ચેકીંગ-સેમ્પલીંગની કામગીરી સઘન ઝુંબેશરૂપે ચાલુ રાખવા, વગેરે બાબતોએ અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવેલ.(૪.૧)

બગસરાના નવા વાવણીયા ગામે દવાથી કંટાળી આધેડે ગળાફાંસો ખાઈ લેતા મોત

અમરેલી,તા.૨૫

બગસરા તાલુકાનાં નવા વાવણીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતાં રતીભાઈ નાગજીભાઈ રાવરાણી નાનાં ૫૩ વર્ષિય આધેડને છ વર્ષ પહેલા હૃદયરોગનો હુમલો આવી જતાં તેઓ તે બીમારીની દવા લેતા હતા. પરંતુ તેઓ દવા ખાવાથી કંટાળી જતાં પોતે પોતાની મેળે જામફળીનાં ઝાડની ડાળી સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

માણાવદરની બાળાઓને ઇનામોની લ્હાણી કરાઇ

(રિપોર્ટર જીગ્નેશ પટેલ દ્વારા)

માણાવદર,તા.૨૫

માણાવદરની ઉત્તર વિભાગની સોસાયટી ગિરિરાજ નગરમાં છેલ્લા ૩૪ વર્ષથી અખંડ રીતે કાર્યરત રહેલી ઉમિયા ગરબી પ્રાચીન અર્વાચીન રાસની પ્રેરણાતા ગરબી મનાઈ છે.

આ ગરબીના નિર્દોષ મૌલિક રાસ ગરબા તથા ચકલા રાસ વગેરે જોઈને માણાવદરમાં ચારવી બ્યુટી ઝોન ચલાવતા કિરણબેન પટેલ તરફથી તેમની કલાકાર પુત્રી કુમારી ચારવીબેન પટેલ ના વરદહસ્તે આ ઉમિયા ગરબી મંડળની ૧૨૦ નાની નાની બાળાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરી હતી.

તંત્રી લેખ

કંજૂસાઈ નહીં પણ 'કરકસર છે આધુનિક વિચારધારા...

જેમ જેમ જીવનમાં પ્રગતિ કરીએ છીએ, સમૃદ્ધિ તરફ જઈએ છે તેમ તેમ આનંદ વધે છે. પરંતુ, વૈભવ સાથે એક ચીજ ચાલી જાય છે તે છે અનુકુળ સમય. સતત પ્રગતિ કરતા આ દેશમાં તમારી પાસે બધું જ હશે, પરંતુ હવે તમારે જે સાચવવાનું છે તે છે સમય. વર્ષો પહેલાં જયારે દેશમાં આટલી સમૃદ્ધિ ન હતી, ત્યારે લોકો ચીજ વસ્તુઓ શોધવા નીકળતાં, સમય પસાર કરવા એકબીજાને મળવા જતાં. દૂર દૂર ફરવા જતાં, એકબીજાને ટપાલ લખતાં અને સમાચાર પત્રો વાંચીને નવી માહિતી મેળવતાં. તે સમયે જીવન બિલકુલ સામાન્ય હતું, કોઈ સાધન કે વ્યવસ્થા આટલી બધી જોવા મળતી ન હતી. અને મનુષ્ય પાસે સામાજિક જીવન માટે અનુકુળ સમય પણ રહેતો હતો. અમદાવાદથી ડીસા જવામાં લગભગ સાંજ પડી જતી, સાધનો પણ જલદી મળતાં નહીં. જયારે જઈને બપોરે પાછા આવીએ તેવી મોંઘી ગાડીઓની સગવડ સહજ થઈ ગઈ છે.એકસામટાં મોકલાતાં ગુડ મોર્નિંગના મેસેજ અને બિનજરૂરી વીડિયો તમારા કુમળા મન અને બુદ્ધિને અમર્યાદિત નુકસાન આપે છે. એક ખરાબ મેસેજ તમારા જીવનની લગભગ (એવરેજ)૭ મિનીટ બગાડી શકે છે.તમને સારી રીતે કાર્ય કરવા માટે એક કાર્ય પર '૪૦ સેકન્ડ સમય આપ્યાં પછી જ તે કાર્યને તમારું મગજ સારી રીતે સમજવા લાગે છે. માટેબિનજરૂરી મેસેજીસ તમને કેટલું નુકસાન આપી રહ્યા છે, તે તમે પોતે જ સમજી શકશો. સમય બચાવવા માટે તમારે જીવનમાં, સરળતા લાવવી પડશે અને તર્કપૂર્ણ રીતે જીવન પ્રણાલીને સુધારવી પડશે, નહીતર ચીજોનો ભંગાર અને બિનજરૂરી માહિતીથી તમારું જીવન ઝડપથી ચાલ્યું જશે તે પણ સત્ય છે. કંજૂસાઈ નહીં પણ 'કરકસર સાથે જીવવું પડશે, કરકસર જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. જોઈતી ચીજોને પણ ના રાખવી કે ના ખરીદવી કંજુસાઈ છે પણ જે જોઈએ છે માત્ર તેને જ રાખવું એ કરકસર છે. કરકસર માં- બાપ કે ગુરુજનો સિવાય કોઈ શીખવાડતું નથી. કરકસર માટે મન કેળવવું પડે છે, તેનો સીધો ફાયદો 'નાણાં અને શક્તિનો બચાવ છે. મને લાગે છે કે હવે તમને કરકસર જરૂર ગમશે.એવી ચીજોનું લીસ્ટ બનાવો કે જે છેલ્લા ઘણા સમયથી નથી વપરાઈ, આ ચીજોની જો તમારે જરૂર ના હોય તો તે ચીજો જેણે ઉપયોગી થાય તેને આપી દો. એકવાર આ રીતે કરવાથી તમને જરૂરથી ઘરમાં નવી ઊર્જાનો અનુભવ થશે અનેજેણે આપશો તે પણ ખુશ થશે.આનું સૌથી સારું ઉદાહરણ કાંડા ઘડિયાળ છે, મેં જોયું છે કે લોકોના કબાટમાં ઘડિયાળોનો ખડકલો થઈ ચુક્યો છે. આપણને એક સમયે એક જ ઘડિયાળથી સમય જોવા મળી શકે. એક જ પરંતુ સૌથી સારી ક્વોલીટીની ઘડિયાળ વાપરીને પણ તમે જીવન આસાન બનાવી શકો છો. એક થી વધુ ટુ-વ્હીલર્સ અને એકથી વધુ મોબાઈલ ફોન્સ બિનજરૂરી સમય અને શક્તિનું ઉદાહરણ છે. એક પણ સૌથી અનુકુળ સાધન રાખો.

શનિવારે ચંદ્રગ્રહણ: મુંબઈ, સુરત, અમદાવાદ, રાજકોટમાં દેખાશે

રાજકોટ, તા.૨૫

આગામી તા.૨૮મીના શનિવારે ભારતમાં મુંબઈ, સુરત, અમદાવાદ તથા રાજકોટમાં ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નઝારો જોવા મળશે. ગચ્છનાયક, ડો. જયોતિષાચાર્ય, વિદ્યાવાણી વિશારદ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજી મ. (શંખેશ્વર તીર્થ)એ જણાવેલ છે કે તા.૨૮મીના શનિવારે રાત્રે ૧૧ કલાક અને ૩૧ મીનીટે, ૪૪ સેંકડે ગ્રહણનો પ્રારંભ થશે તથા મધ્યરાત્રી પછી રાતના ૩ કલાકે, ૫૬ મીનીટે અને ૧૯ સેંકડે પૂર્ણ થશે.

ખંડગ્રાસ ચંદ્રગ્રહણથી વૃશ્ચિક, કુંભ, મિથુન, કર્ક રાશિના જાતકો માટે શુભ, સિંહ, તુલા, ધન અને મીન રાશિના જાતકો માટે તુલા, ધન અને મીન રાશિના જાતકો માટે મિશ્ર ફળ તથા મેષ મકર, કન્યા તથા વૃષભ રાશિના જાતકો માટે અશુભ ફળની સંભાવના છે. ગ્રહણ સમયે ઓમ હીં ચંદ્રાયનમઃતથા ઓમ હ્રીં શ્રીં અંચંયં ચંદ્રગ્રહ પૂજિતાય ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ના મંત્રજાપ લાભદાયક રહેશે.

સ્વચ્છતા હી સેવા અભિયાન

શહેરના ૧૦૯ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૩૫.૫ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા. ૨૫/૧૦ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૯ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૩૫.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઈ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનરની સુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઈજનેરશ્રી એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જીંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

શહેરના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૫.૮ ટન કચરાનો નિકાલ

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ જેવા કે, (૧) કાલાવડ રોડ, (૨) કાંગશિયાળીથી ગોંડલ ચોકડી અને (૩) ગોંડલ ચોકડીથી પુનીતનગર સર્કલ સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૩.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ કેવા કે, (૧) કુવાડવા રોડ અને (૨) ભાવનગર રોડ સુધીના પોઈન્ટ ખાતેથી કુલ ૨.૩ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા આશરે ૪૦૦ ગરબીમાં ગરબીની દિકરીઓને આશરે રૂ.૧૨ લાખની લહાણી વિતરણ

આભાર વ્યકત કરતા કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન દેવુબેન મનસુખભાઈ જાદવ અને વોર્ડ નં.૬ના કોર્પોરેટરો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

વોર્ડ નં.૬ના કોર્પોરેટર અને કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન દેવુબેન મનસુખભાઈ જાદવ, બાંધકામ સમિતી ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, પરેશભાઈ પીપળીયા, મંજુબેન ફુગસીયા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, દિકરી એ લક્ષ્મીનું રૂપ છે. નવરાત્રી દરમ્યાન સાક્ષાત માતાજી સ્વરૂપે દિકરીઓ જ્યારે ગરબા રમતી હોય છે ત્યારે ખુબ જ આનંદ થાય છે અને આવા શુભ અવસરે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા આશરે ૪૦૦ ગરબીમાં નવરાત્રી દરમ્યાન દરરોજ ગરબીની દિકરીઓને આશરે રૂ.૧૨ લાખની લહાણી વિતરણ કરેલ છે. જે બદલ વોર્ડ નં.૬ના કોર્પોરેટરીઓએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કરેલ છે.

રાજકોટમાં ડેંગ્યુએ બે દિવસમાં બીજો ભોગ લીધો

આરોગ્ય વિભાગ ફરી અજાણ : રોગચાળાના આંકડા સામે હવે અનેક શંકાઓ : દિવાળી પૂર્વે ચિંતાનો માહોલ



રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં ઘણા વર્ષ બાદ ડેંગ્યુ સહિતના મચ્છરજન્ય રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે ત્યારે બે દિવસમાં ડેંગ્યુએ બીજા શહેરીજનનો ભોગ લેતા તહેવારના દિવસોમાં ભય વધવા લાગ્યો છે. બે દિવસ પહેલા મવડી વિસ્તારના ૩૧ વર્ષના પટેલ મહિલાનું ખાનગી દવાખાનામાં મૃત્યુ થયા બાદ ગઈકાલે એરપોર્ટ રોડની સોસાયટીમાં રહેતા ૩૮ વર્ષના યુવાનનું પણ ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયાની વિગતો બહાર આવી છે. રોજિંદા દિવસોની જેમ મનપાની આરોગ્ય શાખાને આ કેસ અંગે કોઇ સત્તાવાર માહિતી નહીં હોવાનું તંત્રએ જણાવ્યું છે.મહાનગરમાં ચાલુ વર્ષે ડેંગ્યુના સત્તાવાર દર્દીઓનો આંકડો દોઢ સદી નજીક પહોંચી ગયો છે. ચીકનગુનીયાએ પણ ફિફટી કરી નાંખી છે. તો કોર્પો.ના ચોપડે હજુ સુધી ડેંગ્યુથી કોઇ અવસાન નોંધાયું નથી પરંતુ ખાનગી હોસ્પિટલમાં બે દિવસમાં બે દર્દીના ડેંગ્યુની સારવારમાં જીવ ગયા છે.

બે દિવસમાં બનેલા આ બીજા બનાવની મળેલી વિગત મુજબ વોર્ડ નં.૨ના એરપોર્ટ રોડ પર અશોક સોસાયટી શેરી નં. ૪ આવેલી છે. ત્યાં રહેતા પ્રદિપભાઈ મહેશભાઈ વાઢેર (ઉ.વ.૩૮) નામના બ્રહ્મક્ષત્રિય યુવાનને ચારેક દિવસ પહેલા ૧૫૦ ફુટ રોડની સદ્ભાવના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત બગડતા તેમને વધુ સારવાર માટે સિનર્જી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા જયાં ગઇકાલે તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. ગઇકાલે જ તેમની અંતિમ યાત્રા પણ નીકળી હતી.ખાનગી હોસ્પિટલમાં થયેલા આ અવસાન અંગે મનપાના આરોગ્ય અધિકારીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ આ અંગે કોઇ માહિતી નહીં હોવાનું તેઓએ કહ્યું હતું. સાથે જ પોઝીટીવ કેસના લીસ્ટમાં પણ કોઇ દર્દીનું નામ નહીં હોવાનું જણાવ્યું હતું. આમ છતાં આરોગ્ય વિભાગ ખાનગી હોસ્પિટલ અને વિસ્તારમાંથી વિગતો મેળવી રહ્યાનું પણ કહ્યું હતું.દરમ્યાન બે દિવસમાં ડેંગ્યુએ બીજા વ્યકિતનો જીવ લેતા રોગચાળાની સ્થિતિ ખરેખર ગંભીર હોવાનું ચિત્ર ઉપસે છે. આ દર્દીના મૃત્યુનું અંતિમ કારણ ડેંગ્યુ કે શંકાસ્પદ ડેંગ્યુ હોય તો પણ તાવના નિદાન સાથે દર્દી દાખલ થયા હતા તે જ મહત્વની વાત છે. કોરોનાની જેમ દર્દીને અન્ય બિમારી હતી કે નહીં (કો-મોર્બીડ) તેની તપાસ કરવાને બદલે વધુને વધુ વિસ્તારોમાં સર્વે સહિત સઘન કામગીરી આગળ વધારે અને સાચી માહિતી લોકો સુધી પહોંચાડી સતર્ક બનાવે તે સૌથી મહત્વનો વિષય બની રહેવો જોઇએ. અન્યથા ખાનગી દવાખાનામાંથી આવા રીપોર્ટ આવતા રહેશે તેવી પણ દિવાળી પૂર્વે ભીતિ સર્જાઇ છે.

મનપામાં આરોગ્ય વિભાગ ઉપર ડે.કમિશ્નર અને તેમની ઉપર સીધા કમિશ્નર હોય છે. આ પૂરી ટીમ અને શાસક પાંખ રોગચાળા સામે લડવા એકશન પ્લાન ભુતકાળની જેમ બનાવે અને અગ્રતા આપે તે જરૂરી છે.

જામનગર તાલુકાનાં ૧૨ ગામોમાં નવાં વિન્ડફાર્મ ઊભા કરવા સામે મનાઈ હુકમ

પાવર પ્રોજેક્ટ માટે ફાળવેલી સરકારી જમીનમાં શરતભંગ થતાં:જામવંથલી, ફલ્લા, પસાયા, મોટા તલસાણા, વાગડિયા સહિતના ગામોમાં નવા પોલ કે પવનચક્કી ઉભી નહીં કરી શકાય:શરત ભંગ સબબ કંપની સામે કાર્યવાહી

જામનગર,તા.૨૫

જામનગર તાલુકાના બાર ગામોમાં ૨૧ સ્થળે સરકારી જમીન વિન્ડ ફાર્મ પાવર પ્રોજેક્ટ માટે કંપનીને ૨૦ વર્ષના ભાડા પટ્ટે ફાળવવામાં આવી હતી જેમાં શરતભંગ થતો હોવાની ફરિયાદના આધારે મનાઈ હુકમ થયો છે.

જામનગર તાલુકામાં સુઝલોન કંપનીને ફાળવવામાં આવેલ જમીનોનો ઉપયોગ ફાળવણીના હુકમની શરતો મુજબ થતો નહીં હોવાની અરજી જિલ્લા કલેક્ટરને કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર દ્વારા શરતભંગની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા કેસ નોંધાયો છે.

આ પાવર પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં શરૂ થયો નથી, હુકમોની શરતોનો ભંગ થયો હોય, શરતભંગનો કેસ ચાલવા દરમિયાન જમીનમાં કોઈ ફેરફાર કે જમીન દફતરના રેકર્ડમાં કોઈ સુધારા-વધારા કરવામાં ન આવે અને યથાવત સ્થિતિ જાળવી રાખવા વચગાળાનો મનાઈહુકમ ફરમાવવા અરજી કરતા તે અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

જામનગર તાલુકાના વાગડિયા, સુમરી (ભલસાણ), મિયાત્રા, વાણિયા ગામ, હડમતિયા, જગા, જામવંથલી, ઢંઢા, મોટી ભલસાણ, પસાયા, ફલ્લા, તથા વાગડિયા એમ બાર ગામોમાં ૨૧ રેવન્યુ સર્વે નંબરની ફાળવેલી જમીનોના બદલે અન્ય સ્થળે વિન્ડ ફાર્મ ઊભા કરવાની કામગીરી ચાલતી હોવાની રજૂઆત પણ અરજીમાં કરાઈ હતી. માપણી કામગીરી દરમિયાન સ્થળ ફેરફાર થયો છે. જાહેર માર્ગ યથાવત રખાયા નથી. સબલીઝનો ભંગ થયો છે તેમજ ફાળવેલ જમીન કરતા વધુ જમીનનો ઉપયોગ કરાયો હોવાની દલીલો કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી થતાં જામનગર (ગ્રામ્ય) પ્રાંત અધિકારી એ જામનગર તાલુકાના ગામો મા વિન્ડ ફાર્મના પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલ જમીન બાબતે માપણીશીટ અને મહેસુલી રેકર્ડની શરતભંગ કેસનો નિકાલ થતા સુધી અથવા અન્ય હુકમ થતાં સુધી બે માંથી વહેલું હોય એ સમય સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવા તથા સ્થળ ફેરફાર થયેલ જમીનમાં નવા પોલ-પવનચક્કી ઊભી કરવાની કામગીરી નહિં કરવા કંપનીને મનાઈ કરવામાં આવે છે. તેવો હુકમ કરવામાં આવ્યો હતો. અને પરિશિષ્ટ મુજબ ની જમીન યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ ફરમાવ્યો છે. આ કામની આગામી મુદ્દતે કેટલા ગામના સ.નં.માં કામ ચાલુ છે તથા સ્થળ ફેરફારમાં તફાવત થયેલ છે તે અંગેની વિગતો સોગંદનામા પર જાહેર કરવા સૂચના આપવામાં આવી છે.

સોમવારથી મનપાની જુદી જુદી ત્રણ આવાસ યોજનામાં ૭૦ દુકાનોની હરાજી:તિજોરીમાં કરોડોની આવક ઠલવાશે

લાઇટ હાઉસ,મવડી અને ૧૫૦ ફુટ રોડ પરની દુકાનોની અપસેટ કિંમત ૨૬.૩૦ લાખ સુધી નકકી કરાઇ

રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારમાં બનાવવામાં આવેલી આવાસ યોજનાઓ સાથે બનતા કોમ્પ્લેક્ષ અંતર્ગત વધુ ૭૦ દુકાનોની હરાજી સોમવારથી શરૂ થવા જઇ રહી છે અને મનપાને વધુ ત્રણ ટાઉનશીપમાંથી કરોડોની દુકાનની આવક થશે. આ દુકાનોની અપસેટ કિંમત ૮.૩૦ લાખથી ૨૬.૩૦ લાખ સુધીની નિયત કરવામાં આવી છે.

રૈયા સ્માર્ટ સીટી વિસ્તારમાં મનપાએ ભારત સરકારના માર્ગદર્શન હેઠળ લાઇટ હાઉસ પ્રોજેકટ બનાવ્યો છે. વડાપ્રધાને ખુલ્લા મુકેલા આ પ્રોજેકટનું જીજાબાઇ ટાઉનશીપ નામકરણ કરવામાં આવ્યું છે. તા.૩૦ના સોમવારે ૯ કલાકે અહીં બનેલ ૧૪ દુકાનોની હરાજી રાખવામાં આવી છે. ૧૩.૪૮ ચો.મી.થી ૧૫.૧૪ કારપેટ ચો.મી.ની દુકાનો બનેલી છે. જેની કિંમત ૯.૪૦ લાખથી ૧૩.૨૦ લાખ જેટલી અપસેટ નકકી કરવામાં આવી છે. મવડી પાળ રોડ પર આવેલ સેલેનીયમ હાઇટસ સામે કોર્પો.એ શિવ ટાઉનશીપ બનાવી છે.

આ ટાઉનશીપમાં ૨૨ દુકાનની હરાજી તા. ૧-૧૧ને બુધવારે સવારે ૯ કલાકે રાખવામાં આવી છે. જેમાં ૧૬.૧૨ ચો.મી. કાર્પેટ એરીયાથી ૨૭.૬૮ કાર્પેટ એરીયાની દુકાનો છે. તેમાં અપસેટ કિંમત ૧૫.૩૦ લાખથી ૨૬.૩૦ લાખ નકકી કરવામાં આવી છે. આ જ રીતે ૧૫૦ ફુટ રીંગ રોડ પર દ્વારકાધીશ હાઇટસ સામે બનાવવામાં આવેલ શહીદ સુખદેવ ટાઉનશીપમાં તા. ૩-૧૧ને શુક્રવારે સવારે ૯ વાગ્યે ૩૪ દુકાનોની જાહેર હરાજી રાખવામાં આવી છે.

આ આવાસ યોજના હેઠળના કોમ્પ્લેક્ષમાં ૧૫.૩૯ ચો.મી.થી ૫૩.૦૪ ચો.મી. કાર્પેટ એરીયાની દુકાનો બનાવવામાં આવી છે જેમાં અપસેટ કિંમત સાડા આઠથી ૨૮.૬૦ લાખ જેવી બનાવવામાં આવી છે.આવાસ યોજનાના હપ્તા અને તે સિવાય દુકાનો વેંચીને થતી આવક પણ મનપા માટે આવકનું મોટુ સાધન બન્યા છે અને કોર્પો.ની આવકમાં મહત્વનો હિસ્સો ધરાવે છે તે ઉલ્લેખનીય છે.

મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે ભોપાલ ખાતે આજથી શહેર મહિલા મોરચાના આગેવાનો ચુંટણી પ્રચાર માટે રવાના

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારતનો વિકાસ થાય અને દેશ પ્રગતિના દરેક સોપાનમાં ભારતના સમગ્ર રાજયોનો વિકાસ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક રાજયમાં કાર્યરત થાય તે માટે સતત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતીય જનતા પાર્ટીને તેમના માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે ભોપાલ ખાતે પાર્ટીના પ્રચાર માટે રાજકોટ મહાનગરમાંથી શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, પ્રદેશ મહિલા મોરચાના કારોબારી સભ્ય રમાબેન હેરભા તેમજ શહેર ભાજપ મહિલા મોરચાના રસીલાબેન પાંભર ભોપાલ ચુંટણીના પ્રચાર માટે આજે રવાના થયા હતા. ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી સહિતનાઓએ શુભેચ્છાઓ આપવામાં આવેલ હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

ગુજરાતનાં સૌથી મોટા રાવણનું દહનઃ લેસર-શો અને ભવ્ય આતશબાજી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટનાં રેસકોર્સ ગ્રાઉન્ડમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા છેલ્લાં ૩૭ વર્ષથી રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે પરંપરા આ વર્ષે પણ આગળ ધપાવી આજે સાંજે આઠ વાગ્યે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રાવણ દહનનાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ માટે જુદા-જુદા ત્રણ પૂતળાનું નિર્માણ યુપીનાં ખાસ કારીગરો દ્વારા કરવામાં આવ્યું હતું. આજે લેસર-શો અને ભવ્ય આતશબાજી બાદ ૬૦ ફૂટનો એક અને ૩૦-૩૦ ફૂટના ત્રણેય રાક્ષસ સળગી ઉઠ્યા હતા. આ તકે શસ્ત્રપૂજન પણ કરી પરંપરા જાળવવામાં આવી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ, રાજકોટનાં અધ્યક્ષ શાંતુભાઈએ જણાવ્યું હતું કે, વિહિપ, બજરંગદળ દ્વારા છેલ્લા ૩૭ વર્ષથી રાવણ દહનનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જોકે હવે આ કાર્યક્રમને રાક્ષસ દહન નામ આપવામાં આવ્યું છે. આજે પણ ભવ્ય લેસર-શો અને આતશબાજી બાદ યુપીનાં ખાસ કારીગરો દ્વારા દોઢેક મહિનાની મહેનત બાદ બનાવેલા ગુજરાતના સૌથી મોટા ૬૦ ફૂટના એક અને ૩૦-૩૦ ફૂટના બે રાક્ષસ મળી ત્રણ રાક્ષસનું જય શ્રી રામનાં નારા સાથે દહન કરવામાં આવ્યું હતું. આ દ્રશ્યો

નિહાળવા રાજકોટનાં ૫૦ હજાર કરતા વધારે ધર્મપ્રેમી લોકો ખાસ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસનો પણ પૂરતો સહયોગ મળ્યો હતો. રાવણદહન નિહાળવા આવેલી તન્વી પરમારે જણાવ્યું હતું કે, હું છેલ્લા ઘણા વર્ષોથી

રાવણદહનનો કાર્યક્રમ જોવા આવું છું. જેમાં ખાસ લેસર-શો હોય છે. તેમજ અવનવા ફટાકડાની અદભૂત આતશબાજી પણ થાય છે. અને જય શ્રીરામનાં નારા સાથે હજારો લોકોની વચ્ચે રાવણ દહન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ નિહાળવા આવતા લોકો માટે પણ ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. આકાશમાં થતી આતશબાજીની વચ્ચે રાવણ દહન થતા અસત્ય પર સત્યનો વિજય થતો હોય તેવી અનુભૂતિ થાય છે.

ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ માટે રાક્ષસનું પૂતળું બનાવવા ઉત્તરપ્રદેશના ૨૫ કારીગરો આવ્યા હતા. અને અંદાજે દોઢેક મહિનાની મહેનતના અંતે ૬૦ ફૂટનું એક મોટું અને ૩૦-૩૦ ફૂટના બે નાનાં મળી કુલ ત્રણ પૂતળાં તૈયાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે રાક્ષસ દહન બાદ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં ત્રિશૂલ, તલવાર, રાઇફલ સહિતનાં શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. તો આતશબાજી ઉપરાંત લેસર-શોનું પણ આયોજન લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ કાર્યક્રમમાં કર્ણાટકનાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા પણ એક મંચ ઉપર જોવા મળ્યા હતા. તો મેયર નયનાબેન પેઢડીયા, ભાજપ શહેર પ્રમુખ મુકેશ દોશીની સાથે જ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળનાં આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમ નિહાળવા ઉમટી પડ્યા હતા. અને ઠેર-ઠેર જય શ્રીરામનાં નારા લાગતા વાતાવરણ રામનાં નામથી ગુંજી ઉઠ્યું હતું.

બાઇક, સ્કુટર,સાયકલ, ટી.વી., સોનાના ચેન, ફ્રીજ, વોશીંગ મશીન સહીતના ઇનામો અપાયા

જૈનમ્ કામદાર રાસોત્સવના મેગા ફાઇનલમાં સોળે કળાએ ખીલ્યા ખેલૈયાઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

જૈનમ કામદાર નવરાત્રી રાસોત્સવમાં ૨૦૨૩ ના આજના વિજયા દશમી ના પર્વે યોજાયેલ મેગા ફાઇનલ રાઉન્ડમાં ખેલૈયાઓએ પોતાનું કૌવત બતાવ્યું હતું. વિજેતા ખેલૈયાઓને લાખેણા ઇનામો આપી નવાજવામાં આવ્યા હતાં. સાથે રાસોત્સવમાં વિશેષ કામગીરી બતાવનાર કમિટી મેમ્બરો તેમજ પોતાની વિશેષ સેવા આપનાર લોકોનું અદકેરૂ બહુમાન કરવામાં આવ્યું હતું. તમામ કમિટી મેમ્બરોની અનેક મહિનાઓની જહેમત રંગ લાવી અને જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ ભવ્યાતી ભવ્ય રીતે સફળ રહયો તેનો આનંદ તમામ કમિટી મેમ્બરોના ચહેરા પર વર્તાતો હતો.

આજના વિજયાદશમીના અવસરે ખાસ મહેમાન તરીકે ઉપસ્થીત જેનીશભાઇ અજમેરા પરિવાર, મુકેશભાઇ દોશી (મોઇન) પરિવાર ના તમામ સભ્યોનું આ તકે અદકેરૂ સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. બંન્ને પરિવારનાં સભ્યો મોટી સંખ્યામાં આરતી માં જોડાયા હતાં. વિનટેજ કાર માં સવાર થઇ આ તમામ લોકોએ ખેલૈયાઓ અને દર્શકોનું અભિવાદન જીલ્યું હતું. આજ રોજ મહાનુભાવો જીતુભાઇ બેનાણી, કલેશભાઇ શાહ, મુકેશભાઇ દોશી, જેનીશભાઇ અજમેરા, જીગરભાઇ શેઠ નું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓ માટે મહેંદી, ટેટુ, નેઇલઆર્ટ બનાવી આપવાની સેવા માટે જોડાનાર આર્ટીસ્ટો બીનાબેન શાહ, મૈત્રી મહેતા, ઋત્વી શાહ, રાજુલ સંઘવી, રીના કામદાર, પ્રિયંકા શાહ વિ. નું મહાનુભાવો હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આજે વિજયાદશમીના દિવસે નવ દિવસ દરમ્યાન ફાઇનલમાં વિજેતા થયેલા તમામ કેટેગરીના ખેલૈયાઓ વચ્ચે મેગા ફાઇનલ યોજાયો હતો. ફાઇનલમાં વિજેતા થવા માટે તમામ ખેલૈયાઓ સોળે કલાએ ખીલ્યા હતાં. રંગબેરંગી વસ્ત્રો પરિધાન, અવનવા શણગાર, જુસ્સાભેર રાસ રમી દર્શકોને ખુબ આનંદ કરાવ્યો હતો. ગાયકોની જુગલબંધી સાથે ઓર્કેસ્ટ્રાએ તમામને ખૂબ મજા કરાવી હતી. આજ રોજ મેગા ફાઇનલમાં વિજેતા થનાર ખેલૈયાઓને બાઇક, સ્કૂટર, સાયકલ, સોનાનો ચેન, ટી.વી., ફ્રીજ, વોશીંગ મશી, કુલર, સી.સી.ટી.વી., સ્માર્ટ વોચ સહીતના ઇનામો થી નવાજવામાં આવ્યા હતાં.

વિજેતા થનાર ખેલૈયાઓને દામીનીબેન કામદાર, કમલેશભાઇ શાહ, જાગૃતીબેન શાહ, ધીમંતભાઇ કોઠારી, વિભાષભાઇ શેઠ, અરૂણાબેન દેસાઇ, ઝરણાબેન શેઠ, પારૂલબેન ઉદાણી, હસ્તી કોઠારી, દિમીબેન કોઠારી, મેહુલભાઇ દામાણી, હિરબેન દામાણી, સેજલભાઇ કોઠારી, પ્રિતીબેન કોઠારી, ચિરાગભાઇ દોશી, માલીનીબેન દોશી, નિલેષભાઇ દેસાઇ, સીમાબેન દેસાઇ, અમીષભાઇ દેસાઇ, શીતલબેન દેસાઇ, જયેશભાઇ મહેતા, નિલેષભાઇ ભાલાણી, ડો. પારસભાઇ શાહ, કવિતાબેન પારસભાઇ શાહ આજના કાર્યક્રમમાં ખાસ મહેમાન આમંત્રીતો ખેલૈયાઓ, દર્શકો, ઉપસ્થીત ખેલૈયાઓના વાલીગણ આ તમામે જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવ - ૨૦૨૩ ના આયોજનને ખુબ સફળ ગણાવી સમગ્ર ટીમ જૈનમની એકતા અને કામગીરીની ખુબજ સરાહના કરી હતી.

મવડી પ્લોટ વિસ્તારની ગરબી મંડળની ૧૫૦૦ થી વધુ બાળાઓને સ્ટીલના વાસણની લાણી અર્પણ કરતા વૈભવભાઈ રાજુભાઈ બોરીચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

નવરાત્રીના આઠમા નોરતે દુર્ગાષ્ટમી નિમિતે મવડી પ્લોટ વેપારી એસોસીએશનના પ્રમુખ વૈભવભાઈ રાજુભાઈ બોરીચા દ્વારા મવડી પ્લોટ વિસ્તારના ગરબી મંડળોની ૧૫૦૦ થી વધુ બાળાઓને લાણી વિતરણ કરવામા આવી

છેલ્લા ૨૫ વર્ષથી મોટા બાપુ સ્વ. રતિભાઈ બોરીચા (પૂર્વ કોર્પોરેટર) તેમજ પિતાજી રાજુભાઈ બોરીચા (પૂર્વ કોર્પોરેટર) દ્વારા મવડી પ્લોટ વિસ્તારની બાળાઓને લાણી વિતરણ કરવામા આવે છે. આ પ્રણાલી એમના વતી વૈભવભાઈ રાજુભાઈ બોરીચાએ ચાલુ રાખીને આ વર્ષે ૧૫૦૦ થી પણવધુ બાળાઓને સ્ટીલના વાસણની લાણી અર્પણ કરી હતી.

આ પ્રસંગે વોર્ડ નંબર ૧૧ ના પૂર્વ પ્રમુખ સંજયભાઈ પીપળીયા, મુકેશભાઈ પંડીત, નરેશભાઈ ત્રાડા, જયદિપભાઈ મકવાણા, ધર્મેશભાઈ સોલંકી, મૌલીકભાઈ ગોંડલીયા, કિશનભાઈ જોગસવા, કિશોરભાઈ પરમાર, અરવિંદભાઈ મુરાશીયા, પરેશભાઈ સીતાપરા, ભાવેશભાઈ તળાવીયા સહિત તમામ મિત્ર સર્કલ આ લાણી વિતરણના કાર્યક્રમમા જોડાયા હતા.

'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સફાઈ ઝુંબેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

સ્વચ્છતા એ જ સેવાના ભાગરૂપે રાજયમાં આગામી તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન રાજ્યવ્યાપી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવશે, જેના ભાગરૂપે આજ તા.૨૫/૧૦ ના રોજ રાજકોટ શહેરમાં આવેલ આંગણવાડી કેન્દ્ર, આર.એમ.સી. શાળા નંબર ૪૭ કેમ્પસ અને તેની આસપાસ સઘન સફાઈ ઝુંબેશ કરવામાં આવી.

આંગણવાડી કેન્દ્ર, આર.એમ.સી. શાળા નંબર ૪૭ કેમ્પસ અને તેની આસપાસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન સમિતી ચેરમેન નિલેશભાઈ જલુ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી ડો.માધવભાઈ દવે, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, વોર્ડ નં.૮ના કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડ્યા, વોર્ડ નં.૮ના પ્રભારી સંજયભાઈ દવે, મહામંત્રી દેવકરણ જોગરાણા, રાજુભાઈ ડેડાણીયા, મહિલા પ્રમુખ રીટાબેન સખીયા, પૂર્વ પ્રભારી વોર્ડ નં.૮ કાથડભાઈ ડાંગર, અગ્રણી જયવિરસિંહ સરવૈયા અને વોર્ડના હોદેદારો, રાજકોટ મહાનગર પાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

આ ઉપરાંત વોર્ડ નં.૧ થી ૧૮માં ૧૮ આંગણવાડી કેન્દ્રો ખાતે પણ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં, સ્થાનિક વોર્ડના કોર્પોરેટરઓ, સંગઠનના હોદેદારો, અગ્રણીઓ, સ્થાનિક રહેવાસીઓ, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

અવસાન નોંધ

રાજકોટઃ રાજકોટ નિવાસી મનસુખભાઈ ધનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૬૧) તે જયંતીભાઈ, ભરતભાઈના મોટાભાઈ તથા મિતેષભાઈ, આશિષભાઈ, રૂપલબેન નરવિરસિંહ રેવરના પિતાનું તા.૨૪-૧૦ ના મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું કાલે તા.૨૬ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ 'ગંગેશ્વર મહાદેવ મંદિર' એસ.કે.ચોક, ગાંધીગ્રામ ખાતે રાખેલ છે.

રાજકોટઃ રૈયા રોડ, સોજીત્રાનગરમાં આવેલા કિશન વુડ ફર્નિચરવાળા કમલેશભાઈ દામજીભાઈ માવદીયા (ઉ.વ.૫૬) તે સ્વ.ધીરૂભાઈ દામજીભાઈ માવદીયા અને ગિરીશભાઈ દામજીભાઈ માવદીયાના નાના ભાઈ તેમજ હર્ષભાઈ કમલેશભાઈ માવદીયા (આસિ. સબ ઈન્સ્પેકટર) અને સ્મિતભાઈ કમલેશભાઈ માવદીયા (એન્જિનીયર) ના પિતાનું તા.૨૩-૧૦-૨૦૨૩ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણુંઃ તા.૨૬-૧૦ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન એ-૧૦૧, આનંદ રેસિડેન્સી, યોગરાજનગર, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

જીવલેણ અકસ્માત કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

ફરીયાદી સંજયભાઇ મનસુખભાઇ વ્યાસએ એવી ફરીયાદ નોંધાવેલ હતી કે પરાપીપળીયા ગામના પાટીયા પાસે, જામનગર રોડ પર સનીપાજી ઢાબાની સામે આરોપી જીગર દીપકભાઇ પુરોહીત અને ફરીયાદીના પુત્ર તથા પુત્રી આરોપીની કારમા બેસીને જતા હતા ત્યારે આરોપી જીગર પુરોહીતે કાર પુરઝડપે બેફીકરાઇથી રીતે ચલાવીને આરોપીના કબજાની કારને રોડની સાઇડમા રહેલ બોર્ડ સાથે અથડાવી કારને પલ્ટી મરાવી ફરીયાદીના પુત્ર તથા પુત્રીને શરીરે ગંભીર ઇજાઓ પહોચાડી આરોપી પોતાની કાર મુકી નાસી જઇ તથા ચાલુ સારવાર દરમ્યાન ફરીયાદીની પુત્રીનુ મૃત્યુ થયા અંગેની ફરીયાદ ફરીયાદીએ ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા નોંધાવેલ હતી.

ત્યારબાદ ફરીયાદ સંબંધે તપાસનીસ પોલીસ અધીકારીએ તપાસ પુર્ણ કરી કોર્ટ સમક્ષ ચાર્જશીટ ફાઇલ કરેલ અને ત્યાર-બાદ સદરકામ આખર દલીલ પર આવેલ હોય.જેમા આરોપી તરફે રોકાયેલ એડવોકેટએ દલીલમા જણાવેલ કે આરોપી તદન નીર્દોષ છે, તેમને ખોટી રીતે ગુન્હાના કામે સંડોવી દેવામા આવેલ હોય જેવી વિગેરે દલીલ કરવામા આવેલ. આમ આરોપી વતી રોકાયેલ એડવોકેટની દલીલો ગ્રાહય રાખી આરોપીને એડી.ચીફ.જયુ. મેજી.એ નીર્દોષ છોડવાનો હુકમ કરેલ હતો.

આ કેસમાં આરોપી તરફે રાજકોટના પી એન્ડ આર લો ચેમ્બરના ધારાશાસ્ત્રી અલ્પેશ વી. પોકીયા, અમીત વી. ગડારા, કેતન જે. સાવલીયા, ભાર્ગવ જે. પંડયા, પરેશ મૃગ, રીતેષ ટોપીયા, ડેનીશ વિરાણી રોકાયેલ હતા.

મીઠાપુરમાં રાવણ દહન સાથે દશેરાની ઉજવણી

(દિવ્યેશ જટણીયા દ્વારા) ઓખાઃ ઓખામંડળ તાલુકાનાં ઔધોગિક શહેર મીઠાપુર ખાતે કાર્યરત અને વિશ્વનાં સૌથી મોટા ઔધોગિક એકમોમાં ગણાતી એવી ટાટા કેમિકલ્સ દ્વારા દશેરાની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ તકે મીઠાપુરમાં આવેલા ગ્રીન બેલ્ટનાં વિશાળ મેદાનમાં રાવણ દહન અને ત્યારબાદ આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ રાવણ દહન અને આતશબાજી નિહાળવા માટે મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

એટ્રોસીટીના ગુન્હામાં આરોપી જમીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

યુવતીએ ગાંધીગ્રામ-૨ યુનિ, પોલીસ સ્ટેશનમાં આરોપી જયેન્દ્રસિંહ ચંદ્રસિંહ પરમાર અને તેના પુત્ર વિરૂધ્ધ એટ્રોસીટી અને છેડતી કરવાની ફરિયાદ કરેલ હતી.

જયેન્દ્રસિંહ પરમારના પુત્ર માનવ રાજે પાછળથી મોટરસાયકલ લઇ આવી અને ફરિયાદીના ખભ્ભા પર રહેલ દુપટ્ટો નીચે ફેંકી દિધેલ અને તેની છેડતી કરેલ તેમજ આ માનવરાજ અવાર નવાર ફરિયાદીને હેરાન કરતો હોય અને રસ્તામા આડો ઉભો રહેતો હોય અને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરતો હોય જેના કારણે ત્રસ્ત જઇને ફરિયાદીએ તેના પિતાને આ બનાવની જાણ કરતા ફરિયાદી તથા તેના પિતા અને સગા સબંધીઓ સાથે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલ.તે દરમ્યાન ફરિયાદીના માતા ગૌરીબેન જેઓ ઘરે હોય તેણે ફરિયાદીને ફોન કરીને જણાવેલ કે માનવના પિતા જયેન્દ્રસિંહ ઘરે આવેલા છે અને તેઓ ધમકી આપે છે કે જો માનવ વિરૂધ્ધ ફરિયાદ કરશો તો તમારી દિકરીને નોકરીએ નહી જવા દઇએ અને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલ. જે અંગે એટ્રોસીટી એકટની ફરિયાદ ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસ સ્ટેશનમા જાહેર થતા પોલીસે જયેન્દ્રસિંહ ચંદ્રસિંહ પરમારની તાત્કાલીક ધરપડ કરેલ અને કોર્ટમા રજુ કરતા કોર્ટે તેઓને જેલ હવાલે કરેલ.

આરોપી જયેન્દ્રસિંહ ચંદ્રસિંહ પરમાર વતી એડવોકેટ જામીન અરજી દાખલ કરતા કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કરેલ.

આ કેસમાં જયેન્દ્રસિંહ ચંદ્રસિંહ પરમાર વતી એડવોકેટ તરીકે રઘુવીર બસીયા તેમજ ચેતનીંહ પરમાર રોકાયેલા હતા.

બોગસ આયુર્વેદિક સીરપકાંડ કેસમાં ૩ આરોપીઓની જામીન અરજી ફગાવતી કોર્ટે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી દ્વારા બોગસ આયુર્વેદિક સીરપના નામે યુવાધનને નશાખોરી તરફ ધકેલવા અંગેના ગુન્હામાં રેડ દરમ્યાન અધધ રૂ.૭૩,૨૭,૫૦૦ ની કિમતવાળી નશાકારક બોટલો કબજે કરી તેને એફ. એસ. એલ. ખાતે મોકલેલ જેમાં આઇસો પ્રોપાઈલ આલ્કોહોલ તથા ઈથાઈલ આલ્કોહોલ હોવાનું માલૂમ થયેલ હોવાથી ગુન્હો નોંધેલ અને ડીસીબી પોલીસ દ્વારા આ ગુન્હાનું પગેરું નંદુરબાર-મહારાષ્ટ્ર સુધી હોવાનું માલૂમ પડતાં તેઓની ટીમ દ્વારા સઘન તપાસના ચક્રો ગતિમાન કરી આરોપીઓના કારસ્તાનને બેનકાબ કરી દીધેલ.

ડીસીબી પોલીસ દ્વારા નોંધાયેલ ગુન્હાના કામે ધરપકડની દહેશતથી સુરપાલસિંહ જીલુભા જોડેજા, કરશન હરજીભાઈ ગઢવી કે જેઓ ગેરકાયદેસર રીતે જ ડુપ્લિકેટ સીરપનું વેચાણ કરી રહેલ હતા તેઓનું પોલીસ તપાસ દરમ્યાન ખૂલવા પામતા આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલ હતી તેમજ જયરાજ અમરશીભાઈ ખેરડીયાની કાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરતાં રેગ્યુલર જામીન અરજી કરેલ હતી.

રાજકોટની અધિક સેસન્સ કોર્ટમાં બંને આગોતરા જામીન અરજીઓ તેમજ જયરાજ અમરશીભાઈ ખેરડીયાએ કરેલ રેગ્યુલર જામીન અરજીની સુનાવણી દરમ્યાન વકીલે કરેલ દલીલોને ધ્યાને લઈને કોર્ટે સુરપાલસિંહ જીલુભા જોડેજા અને કરશન હરજીભાઈ ગઢવીએ કરેલ આગોતરા જામીન અરજી અને જયરાજ અમરશીભાઈ ખેરડીયાએ કરેલ રેગ્યુલર જામીન અરજી રાજકોટના અધિક સેસન્સ જજ એસ. ડી. સુથાર દ્વારા નામંજૂર કરતો હુકમ ફરમાવેલ હતો.

આ કેસમાં **AMB PHARMA** તરફે રાજકોટના એડવોકેટ રાજન કોટેચા, કૃણાલ કોટેચા, વારીસ જુણેજા, ડેનિશા પટેલ, નિર્મિત ગોસ્વામી રોકાયેલ હતા તેમજ સરકારશ્રી પક્ષે એજીપી પરાગ શાહ, અતુલભાઈ જોશી અને આબિદભાઈ સોસન રોકાયેલ હતા.

મારામારી તથા એટ્રોસીટીના ગુન્હામાં આરોપીઓ આગોતરા જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

ફરિયાદી આકાશ જીવાભાઈ વારગીયા, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવેલ હતી કે, તેમનાં મિત્ર સાગર મિયાત્રા સાથે રામાપીર ચોકડીથી આમ્રપાલી ઓવરબ્રીજ પાસે આવેલ વડાપાઉની દુકાને જતા હતા હોય ત્યારે બ્રહ્મસમાજ ચોક પાસે પહોંચેલ અને ફરિયાદીનાં મોબાઈલમાં ફોન આવતા તે સમયે બાજુમાં એક એકટીવા જેવુ મોટરસાઈકલ ઉભુ રહેલ જે મોટરસાઈકલ પાછળ એક બહેન બેઠા હતા તેણે કહેલ કે, ગાડી જોઈને ચલાવ અને ભુંડી ગાળો આપવા લાગેલ અને મોટરસાઈકલ ઉપરથી આશરે ૨૦-૨૨ વર્ષનો છોકરો નીચે ઉતરી ફરિયાદીએ ગાળો આપી ફડાકા મારી દીધેલ ત્યાં પાછળથી બીજા મોટરસાઈકલમાં પીળા કલરનું ટી-શર્ટ પહેરેલ ૩૦-૩૫ વર્ષની ઉંમરવાળો વ્યકિત આવેલ અને તેણે પણ ફરિયાદીને ફડાકા મારી માર મારવા લાગેલ તેવામાં ત્યાં માણસો ભેગા થઈ જતા તે ટોળામાંથી આરોપી કાનજી બધાભાઈ ગમારા તથા અશ્વિન વશરામભાઈ મકવાણા તે ફરિયાદીને ગાળો આપવા લાગેલ અને માર મારેલ અને આરોપીઓએ ફરિયાદીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરેલ. ત્યારબાદ ફરિયાદી ત્યાંથી ભાગી ગયેલ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ વ્યકિતઓ સામે માર મારવા, ગાળો આપવા તથા જાતિપ્રત્યે હડધુત કરવા અંગે કાયદેસરની કાર્યવાહી કરેલ હતી.

આ કામે આરોપી કાનજી ગમારા તથા અશ્વિનભાઈ મકવાણા સામે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા આરોપીઓએ તેમના એડવોકેટ મારફત કોર્ટમાં આગોતરા જામીન અરજીઓ દાખલ કરેલ હતી.

આગોતરા જામીન અરજીનાં કામે આરોપીઓનાં એડવોકેટે કરેલ દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપીઓનાં જામીન અરજી મંજુર કરેલ હતા.

આ કેસમાં આરોપીઓ વતી ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ શુકલા, બ્રિજેશ ચૌહાણ, કૃષ્ણ પટેલ, ઋષિ રૂપારેલીયા, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે નિશાંત ચાવડા, સત્યજીતસિંહ જાડેજા તથા ઋષિત રોહિત રોકાયેલ હતા.

રાજકોટમાં શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન ટ્રસ્ટની નોંધણી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૫ : રાજકોટ મુકામે સમસ્ત લુહાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન ટ્રસ્ટ રજી.નં. એ/૩૭૫૮, રાજકોટનું રજીસ્ટ્રેશન તાજેતરમાં થયેલ છે અને ટ્રસ્ટ દ્વારા સમસ્ત લુહાર જ્ઞાતિ માટે અગાઉ બે સમુહ લગ્નોનું આયોજન કરેલ છે.તેમજ બૌધ્ધીક સમેલનનુ પણ આયોજન અગાઉ કરેલ છે.તેમજ હાલમાં તા.૧૮-૧૧ થી તા.૨૪-૧૧ સુધી વકતા હીરેનભાઈ પંચાલ દ્વારા શ્રીમદ્ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨૬-૧૧ ના રોજ લુહાર જ્ઞાતિની ૧૦-દિકરીઓના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત ટ્રસ્ટના પ્રમુખ નરોતમભાઈ એલ.પરમાર,ઉપપ્રમુખ કાંતીભાઈ એમ.આસોડીયા,મંત્રી ધર્મેશભાઈ એચ.સિધ્ધપુરા(એડવોકેટ),ખજાનચી કિશોરભાઈ ડી.મકવાણા, ટ્રસ્ટી રવિભાઈ એન.પરમાર,પરેશભાઈ એ.પરમાર,મુકેશભાઈ એન.આસોડીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહેલ છે.

મારી માટી મારો દેશના અમૃત કળશ સમાપનના કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાતે બેઠક યોજતા : મુકેશભાઈ દોશી

૧૫ મી ઓગષ્ટથી શરૂ થયેલા કાર્યક્રમ દેશના શહીદોને સન્માન મળે તે માટે મારી માટી મારો દેશના અમૃત કળશનું સમાપનનો કાર્યક્રમ રીવર ફ્રન્ટ, ઇવેન્ટ સેન્ટર, અમદાવાદ ખાતે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના નેતૃત્વમાં ગુજરાતભરમાં અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવેલ, આ કાર્યક્રમ અંતર્ગત અમૃત કળશમાં ઘરે ઘરે ચોખા અને માટી એકત્ર કરવાનો કાર્યક્રમ શહેરના તમામ વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટી, કોર્પોરેશન અને ધારાસભ્ય દ્વારા યોજાયો હતો. ત્યારે શહેરના તમામ બુથમાં રહીશો દ્વારા આ કાર્યક્રમને જબરો પ્રતિસાદ સાંપડયો હતો.

આ અંતર્ગત મારી માટી મારો દેશના અમૃત કળશની સોંપણી કરવાનો એક પ્રદેશ ભાજપ સ્તરનો કાર્યક્રમ તા૨૭-૧૦ ના શુક્રવારે રીવરફ્રન્ટ, ઇવેન્ટ સેન્ટર, અમદાવાદ ખાતે સાંજે ૫ કલાકે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલજી તથા માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં એક ભવ્ય કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ જણાવ્યુ કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, રાજકોટ શહેરમાંથી સંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, બીનાબેન આચાર્ય, તેમજ રાજકોટના ધારાસભ્ય અને મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતનાઓ સાથે રાજકોટ શહેરના તમામ વોર્ડ પ્રમુખો, પ્રભારીઓ તેમજ વોર્ડના મહામંત્રીઓ, બુથસમિતીના પ્રમુખ, તેમજ મહિલા મોરચાના કાર્યકર્તાઓ, યુવા મોરચા,બક્ષીપંચ મોરચા, અનુસુચિત જાતી, લઘુમતી મોરચાના કાર્યકર્તાઓ, સેલમાંથી લીગલસેલ, ચિકિત્સા સેલ, સહકારીતા સેલ, વ્યવસાયિક, આર્થિક સેલ, સાંસ્કૃતિક સેલ,શિક્ષક સેલ, સી.એ.સેલ, અન્ય ભાખાભાખી સેલ, ગૌસંવર્ધન સેલ, બૌધ્ધિકો, માલધારી સેલ, સફાઈ કામદાર સેલ, રમત ગમત સેલનાં કાર્યકરો અમૃતકળશ સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં રાજકોટમાંથી મોટી સંખ્યામાં પદાધિકારીઓ, સંગઠનના હોદેદારો વિવિધ મોરચા-સેલના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાય તે માટે આ કાર્યક્રમના આયોજન માટે ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

કાલે ગોકુળીયુ ધામ રાસોત્સવનું ભવ્ય આયોજન

વેલવેટ પાર્ટી પ્લોટમાં રાસ ગરબાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

આવતીકાલે તા.૨૬ને ગુરૂવારના રોજ શહેરના વેલવેટ પાર્ટી પ્લોટ ખાતે ગોકુળીયુ ધામ રાસોત્સવ-૨૦૨૩નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ રાસોત્સવમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડશે. કાર્યક્રમની વિગત આપતા આયોજક ધવલ ગોંડલીયા, ભુપેન્દ્ર પાટીલ અને અમિત વાકાણીએ જણાવ્યું હતું કે ગોકુળીયુ ધામ રાસોત્સવમાં માનવતા મહેમાન તરીકે વિજય રૂપાણી, નિતીજ ભારદ્વાજ, ડો.ભરત બોઘરા, રમેશભાઈ ટીલારા, દર્શીતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરીયા, ગોરધન ધામેલીયા, રામભાઈ મોકરીયા, રાજદિપસિંહ જાડેજા (રિબડા) જગદીશભાઈ કોટડીયા (ડો.મહેશ રાજપુત, પરેશ ગજેરા પાર્થ લાલચેતા, મયુરધ્વજસિંહ જાડેજા, એમ.જી.વસાવા (પીઆઈ) ડો.ગૌતમ માકડીયા, ડો.અમિત હાપાણી ડો.અલ્પેશ કીકાણી, સન્નીપાજી, કાળુભાઈ કુગશીયા, હિરેન ખીમાણીયા, વાયબી જાડેજા (પીઆઈ) બીટીગોહેલ (પીઆઈ), જે ડી ઝાલા (પીઆઈ), કાશ્મીરા બેન નથવાણી, અશ્વિનભાઈ મોલીયા, રાજુભાઈ ધ્રુવ ઉપસ્થીત રહેશે. દીપ પ્રાગટય અને આરતી મુકેશ દોશી (શહેર ભાજપ પ્રમુખ), નયનાબેન પેઢડીયા (મેયર) નરેન્દ્રસિંહ જાડેજા (ડે.મેયર), દર્શીતાબેન શાહ (ધારાસભ્ય), જયમીન ઠાકર, ડો.હેમાંગ વસાવડા, વિજય વાંક, પ્રદિપ ત્રિવેદી, વિરલ ભટ્ટ, જયોતિરાદિત્યસિંહ જાડેજા (ગોંડલ) ના હસ્તે કરાશે.

સમગ્ર આયોજન ધવલ ગોંડલીયા, ભુપેન્દ્ર પાટીલ અને અમિત વાકાણીએ તેમજ સમિતિના જીગર ગોંડલીયા , રવિ ગૌસ્વામી, મન આહિર, હર્ષ ગોંડલીયા, આકાશ પારીખ અને વિકી પાટીલે જહેમત ઉઠાવી છે.

લાલાવદર નજીક ફેકટરીમાં વિકરાળ આગ લાગી

૧૨ હજાર લીટર પાણીથી ભરેલ બે વોટર બાઉઝરથી આગ પર લગાતાર પાણીનો મારો ચલાવાયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૫

અમરેલી તાલુકાના લાલાવદર ગામથી લીલીયા ગામ તરફ લગભગ બે કિલોમીટરના અંતરે આવેલ 'જાપ એનર્જી સોલ્યુશન' નામની ફેફી તથા બાયોકોલની ફેકટરી આવેલી છે. તેમાં અચાનક ગઈકાલે બપોરના સાડા ત્રણ વાગ્યાના સમયે આગ લાગવાની ઘટના બનેલ હતી. જે અંગે અમરેલી ફાયર કંટ્રોલરૂમને ટેલીફોનિક જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે વાયરલેસ ઓફિસર એચ.પી. સરતેજા તથા ફાયર ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી અને લગભગ સતત બે કલાકની અથાગ મહેનતથી તથા ૧૨૦૦૦ લિટરના બે વોટર બાઉઝર દ્વારા લગાતાર પાણીનો મારો ચલાવી અને આગ પર સંપૂર્ણ કાબુ મેળવેલ હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામેલ ના હતી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા, આનંદભાઈ જાની, પ્રવીણભાઈ ચૌહાણ, કરનદાન ગઢવી, સાગરભાઈપુરોહિત, ભુરીયા જગદીશભાઈ, કૃષ્ણભાઈ ઓળકિયા, સિધ્ધરાજસિંહ ગોહિલ, ધવલભાઈ ચાવડા વગેરેઓએ કામગીરી કરી હતી.

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

અમરેલીનાં ગાયત્રી મંદિર પાછળ રહેણાંક મકાનમાં આગ લાગી

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૫

અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ગઈકાલે સવારે ૫:૧૫ કલાકે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે અમરેલી શહેરમાં આવેલ ચિતલ રોડ, ગાયત્રી મંદિરના પાછળના ભાગ પર આવેલ એક રહેણાંક મકાનમાં આગ લાગવાની ઘટના બનેલ હતી. તેના અનુસંધાને અમરેલી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી અને એક કલાકની મહા મહેનતે આગ પર કાબુ મેળ્યો હતો.

જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ પણ જાતની જાનહાની થવા પામેલ નથી. આ કામગીરીમાં ફાયર સ્ટાફ પ્રવિણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયાએ મુખ્ય કામગીરી કરી હતી.

અમરેલીમાં ફાયર વિભાગ દ્વારા હિરકબાગ ખાતે શસ્ત્ર પૂજન કરાયું

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૫

ગઈકાલે દશેરાના પાવન પ્રસંગે અમરેલી ફાયર વિભાગ દ્વારા હિરક બાગ ફાયર સ્ટેશન ખાતે વિધિવત શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.

વર્ષોથી મનાવાતા વિજયા દશમીના તહેવાર નિમિત્તે આગ તથા અકસ્માતના સમયે વિજય મેળવવા માટે તથા જાનમાલના રક્ષણ માટે ઉપયોગમાં લેવાતા એવા શસ્ત્રોની પૂજન વિધિ કરી સમગ્ર જનતા તથા જાનમાલનું રક્ષણ થાય તેવી પ્રાર્થના ફાયર વિભાગપરિવાર દ્વારા કરવામાં આવેલ હતી.

દશેરાની સાંજે વડિયામાં વરસાદી માહોલ

તૈયાર પાક સમયે માવઠાથી ખેડૂતોમાં ચિંતા : બેવડી ઋતુના કારણે રોગચાળો વધવાની શક્યતા

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૨૫

સમગ્ર દેશમાં હાલ ચોમાસુ વિદાઈ લઈ ગયુ છે અને શિયાળીની શરૂવાત પણ થતી જોવા મળી રહી છે ત્યારે શિયાળાની શરૂવાતમાં વડિયા વિસ્તારમાં ફરી વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોને શિયાળુ પાક તૈયાર થતા તેની મૌસમ ચાલુ છે ત્યારે વરસાદી માહોલ થતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાતો જોવા મળ્યો છે તો બીજી બાજુ દશેરાની મીઠાઈની ઘરાકીમાં સાંજના સમયે લોકો પલળતાં મીઠાઈ, જલેબી અને ફાફડા લેતા જોવા મળ્યા હતા. વાતાવરણમાં અચાનક પલટો આવતા બેવડી ઋતુનો અનુભવ થતા રોગચાળો વધવાની શક્યતા જોવા મળી રહી છે.

ઉપલેટામાં ભુદેવ પરિવારે તમામ ગરબીની બાળાઓને ભોજન કરાવી નવરાત્રિની અનોખી ઉજવણી કરી

(આશિષ લાલકિયા દ્વારા) ઉપલેટા, તા.૨૫: ઉપલેટા શહેરના બ્રહ્મ સમાજ ખાતે ઉપલેટના સેવાભાવી ભૂદેવ પરિવાર દ્વારા નવરાત્રી મહોત્સવના પાવન પર્વની અનોખી રીતે ઉજવણી કરી છે જેમાં આ ભૂદેવ પરિવારે ઉપલેટા શહેર અને તાલુકા પંથકની તમામ ગરબીઓની બાળાઓ માટે વિશેષ રીતે ભોજન પ્રસાદનું આયોજન કર્યું હતું તેમજ આ તમામ બાળાઓને અગિયાર જેટલી વસ્તુઓની લ્હાણી વિતરણ કરીને નવરાત્રિના પાવન પર્વની અનોખી રીતે ઉજવણી કરી છે.

ગુરુકૃપા યાત્રાસંઘ લોઢવાથી હરિદ્વાર રવાના

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૨૫

સુત્રાપાડાના લોઢવા ગામે રહેતા હિતેન્દ્ર કુમાર શિવ શંકર જોશી દ્વારા પિતાશ્રી સ્વ શિવશંકર વલ્લભજી જોશીની પુણ્યતિથિ નિમિત્તે તેઓએ એક હજારથી વધારે લોકોને લોઢવાથી હરિદ્વારની યાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો હતો ત્યારે આજે રોજ લોઢવાથી પ્રથમ ત્રણ બસ ૧૭૦ લોકો સાથે વહેલી સવારે લોઢવા ગામેથી નીકળી હતી. સોમનાથ મહાદેવના પ્રટાગણમાંથી શરૂ થઈ ચોટીલા અંબાજી બહુચરાજી માતાજી પોકરણગઢ કૃષ્ણ જન્મભૂમિ વૃંદાવન ગોકુળ હરિદ્વાર સહિત ૩૫ થી વધારે ધામની યાત્રા કરી પરત લોઢવા આવશે આ યાત્રા તેમના દ્વારા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સાળંગપુર ખાતે વિજયસ્તંભ સ્થાપન

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અયાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ૧૭૫ શતામૃત મહોત્સવ એવં ભારતીય સંસ્કૃતિનો અનેરો મહોત્સવ 'મારા દાદા મારો ઉત્સવ' તા.૧૬ થી ૨૨ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ઉજવણી અંતર્ગત સાળંગપુરધામ ખાતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવેલ. શ્રી કષ્ટભંજનદેવ દાદાના મંદિર પરિસરથી વાજતે-ગાજતે ઉત્સવ સ્થળે.પહોંચી ધામોધામથી પધારેલ સંપ્રદાયના વરીષ્ઠ સંતો,ભક્તો અને ભૂદેવોની ઉપસ્થિતિમાં 'દાદા'ના જયઘોષ સાથે પૂજન, અર્ચન તેમજ આશીર્વાદ દ્વારા સ્થાપન કરવામાં આવેલ. ૧૭૫ શતામૃત મહોત્સવના વિજયસ્તંભની ઉંચાઈ ૧૭૫ ફૂટ, ધ્વજની પહોળાઈ ૩૮ ફૂટ અને લંબાઈ ૫૮ ફૂટ રાખવામાં આવેલ.

જસદણ તાલુકાના સાણથલી ગામેની લાશ મળી

શંકાસ્પદ મૃત્યુ અંગે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૨૪

જસદણ તાલુકાના સાણથલી ગામે યુવાનની શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ થયેલી લાશ મળતા આટકોટ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.અંગેની વિગતો મુજબ જસદણ તાલુકાના સાણથલી ગામમાં ઈશ્વરીયા તરફ જવાના રસ્તે ગૌશાળા નજીક સરકારી પડતર જગ્યામાં એક પુરુષની લાશ મળી આવી છે. આ બનાવની જાણ થતાં જ આટકોટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. આ બનાવવાની પ્રાથમિક માહિતી મળવા મુજબ સાણથલી ગામે રહેતા હરેશભાઈ ઉર્ફે લાલો રમેશભાઈ ડાભી (ઉંમર વર્ષ આશરે ૪૦) ની લાશ હોવાનું ખુલ્યું હતું. આ યુવાન મજૂરી કામ કરી ગુજરાન ચલાવતો હોવાનું અને છેલ્લા બે દિવસથી ઘરે આવેલ નહી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ હરેશભાઈના શરીર ઉપર ઈજા કે મારના નિશાન દેખાતા નથી. આટકોટ પોલીસ દ્વારા લાશને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ મોકલવામાં આવી છે. મૃતક હરેશભાઈ ડાભીને બે સંતાન છે . એક સંતાન વૈભવ ઉ. વ. ૮. અને ભોલુ. ઉ. વ .૫. અને પત્ની હેતલબેન ઉ.વ. ૩૬) એમ પરિવારમાં ત્રણ વ્યક્તિને વિલાપ કરતા છોડી ગયા છે.

આ યુવાને આત્મહત્યા કરી કે અન્ય કોઈએ તેની હત્યા કરી કે અકસ્માતે મૃત્યુ થયું વગેરે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જસદણમા રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ દ્વારા શસ્ત્રપૂજન અને પથ સંચલન યોજાયું

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૨૫

જસદણની બજારોમાં સંઘના સ્વયંસેવકો પૂર્ણ ગણવેશ, શીસ્તબદ્ધ અને અનુશાસન મા સંચલનમાં નીકળ્યા હતા. આ સંચલન વેણીલાલ સ્કૂલથી શરૂ કરી છત્રી બજાર, ટાવર ચોક, મોતી ચોક, ડીએસવિકે હાઈસ્કુલ, સિવિલ હોસ્પિટલ, ગોકુલ ચોક, આંબેડકર ચોક, જૂના બસ સ્ટેન્ડ થઈ લાતી પ્લોટ ને વેણીલાલ સ્કુલ એ પૂર્ણ થયું હતું. રસ્તામાં માર્ગો પર સમાજના લોકોએ સંઘ અને સંઘમાં આગળ પરમ પવિત્ર ભગવા ધ્વજની પુષ્પ વર્ષા કરી સ્વાગત કર્યું હતું અને ભારતમાતા કી જય ના નારા સાથે રાષ્ટ્રના કાર્યમા સમાજ પણ સહભાગી થયો હતો. વિશેષમાં ગોંડલ જિલ્લાના જિલ્લા કાર્યવાહ વિજયભાઈ રાબડીયા ઉપસ્થિત રહ્યા અને તેમનું બૌધિક યોજાયું હતું.

જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૬૧ નાગરિકો સામે દંડની કાર્યવાહી: ૯.૭ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનમાં ઝુંબેશના રૂપમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ત્રણેય ઝોનમાં જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૬૧ નાગરિકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૯.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મધ્ય ઝોનના વોર્ડ નં.૦૨, ૦૩, ૦૭, ૧૩, ૧૪ તથા ૧૭ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન મધ્ય ઝોન વિસ્તારમાં કુલ-૨૪ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૦૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૦૧, ૦૮, ૦૯, ૧૦, ૧૧ તથા ૧૨ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પશ્ચિમ ઝોન વિસ્તારમાં કુલ-૨૪ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૫.૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પુર્વ ઝોનના વોર્ડ નં.૦૪, ૦૫, ૦૬, ૧૫, ૧૬ તથા ૧૮ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પૂર્વ ઝોન વિસ્તારમાં કુલ ૧૩ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૧.૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનરની સુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર. પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જાંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઈ. તથા એસ.એસ.આઈ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સરગમ કલબ અને મારવાડી યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સરગમી રાસોત્સવ યોજાયો

સરગમ પરિવારના સભ્યોએ ટ્રેડીશનલ વસ્ત્રોમાં સજ્જ થઈને માહોલ બનાવ્યો : મહાનુભાવોનાં હસ્તે ૨૫૦ જેટલા લાખેણા ઈનામો અપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

સરગમ કલબ અને મારવાડી યુનિવર્સીટીનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સરગમી રાસોત્સવમાં સરગમ પરિવારના હજારો લોકો ગરબે રમ્યા હતા અને નવરાત્રીનો આનંદ માણ્યો હતો. આ રાસોત્સવમાં સરગમ કલબ, સરગમ લેડીઝ કલબ, સરગમ કપલ કલબ, સરગમ સીનીયર સિટીઝન કલબ, સરગમ સંચાલિત ઇવનિંગ પોસ્ટ સહિતના સભ્યો જોડાયા હતા. આટલી મોટી સંખ્યામાં સરગમી સભ્યોને ગરબે રમતા જોવા પણ એક લ્હાવો હતો. કાર્યક્રમના અંતે જુદી જુદી કેટેગરીમાં ૨૫૦ જેટલા લાખેણા ઇનામો આપવામાં આવ્યા હતા. ડી.એચ. કોલેજના ગ્રાઉન્ડમાં યોજાયેલા આ રાસોત્સવમાં મોટા ભાગના લોકો ટ્રેડીશનલ વસ્ત્રોમાં સજ્જ થઇ ને આવ્યા હતા અને તેને કારણે માહોલ રંગબેરંગી લાગતો હતો. આ રાસોત્સવમાં મન્સુર ત્રિવેદી પ્રસ્તુત મ્યુઝીકલ મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રાએ અને કીબોર્ડ ઉપર રાજુભાઈ ત્રિવેદીએ ધૂમ મચાવી હતી અને તેની સાથે મુંબઈના સિંગર હેમંતભાઈ પંડ્યા અને અશ્વિનીબેન મહેતા ઉપરાંત સોનલબેન વાળા (US) અને નિલેષભાઈ પંડ્યા (રાજકોટ) એ પોતાનાં કંઠે ગરબા અને ફિલ્મી ગીતોનું ફ્યુઝન રજુ કર્યું હતું. આ કાર્યક્રમ માટે સરગમ કલબને મારવાડી યુનિવર્સીટી કેતનભાઈ મારવાડી અને જીતુભાઈ ચંદારાણાનો સહયોગ મળેલ હતો.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, સ્મિતભાઈ પટેલ, કેતનભાઈ મારવાડી, જીતુભાઈ ચંદારાણા, લેડીઝ કલબના ડો. ચંદ્રાબેન શાહ, નીલુબેન મહેતા તથા બને કલબ ના કમિટી મેમ્બરે જહેમત ઉઠાવી હતી.

પૂર્વ કોર્પોરેટર હસુભાઈ સોરઠીયાનો આજે જન્મદિવસ

રાજકોટ મહાનગરપાલિકાના જુના વોર્ડ નં.૨૨ ના પૂર્વ કોર્પોરેટર હસુભાઈ સોરઠીયાનો આજે જન્મદિવસ છે ત્યારે તેઓના મંગલમય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે ઠેર ઠેરથી શુભેચ્છા મળી રહી છે. રાજકોટ મહાનગરપાલિકામાં હાઉસીંગ તેમજ ટાઉનપ્લાનીંગ સમિતીના ચેરમેન તરીકે જવાબદારી સંભાળી હતી. તેમજ હાલમાં શહેર ભાજપના કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળી રહયા છે. આ સાથે હાલમાં તેઓ વાવડી-કોઠારીયા ઇન્ડસ્ટ્રીયલના પ્રમુખ તરીકે તેમજ હડમતાલા ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનના કારોબારી તરીકે જવાબદારી સંભાળી રહયા છે આમ રાજકીય અને સામાજીક ક્ષેત્રે અગ્રેસર અને બહોળો મિત્ર વર્તુળ ધરાવે છે તેમજ હસમુખો સ્વભાવ ધરાવે ત્યારે આજે તેમના જન્મદિવસે પોતાના મોબાઈલ નં.૮૦૦૦૩૩૫૦૫૦ ઉપર ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન દ્વારા

પારેવડા ગામ ખાતેના ગરબી મંડળની બાળાઓને લાણી વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન દ્વારા રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર આવેલા પારેવડા ગામ ખાતેના ગરબી મંડળની બાળાઓને લાણી વિતરણ ફાઉન્ડેશનના હસમુખ ડોબરીયા નાં હાથે કરવામાં આવ્યું હતું.

આ લાણી વિતરણમાં ગ્લીસ્ટર ફુડ પ્રાઈવેટ લિમિટેડના ધવલભાઈ મૌલિયા દ્વારા સમસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

લાણી વિતરણ દરમિયાન પારેવડા ગામના સરપંચએ પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશનના પ્રમુખ જતીન વલ્લભભાઈ તારપરા તથા મિત્ર મંડળનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

વડિયા પ્રાચીન રાસગરબાની રમઝટ બોલાવતી બાળાઓ

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૨૫ : નાની નાની બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરી લોકોને મંત્રમુગ્ધ કરી અહીં રામજી મંદિર ચોક ખાતે છેલ્લા ઘણા વર્ષોથી જય ભવાની ગરબી મંડળ દ્વારા પ્રાચીન રાસગરબાનું આયોજન કરવામાં આવે છે ત્યારે નવલા નોરતાની રાતે નાની નાની બાળાઓ એ ડાકલા રાસની રમઝટ બોલાવી હતી. લોકો મોટીસંખ્યામાં બહાર ગામથી અહીંયા નવરાત્રી મહોત્સવ અંતર્ગત રાસ ગરબાની રમઝટ નીહાળવા આવી રહ્યા છે.

સરગમ કલબ - એચ.પી. રાજયગુરૂ કોું. તેમજ કેર ફોર હોમના સંયુક્ત ઉપક્રમે સરગમી હસાયરો

સરગમી હસાયરોમાં સરગમ સહ પરિવાર અને જાહેર જનતા વિનામૂલ્યે આમંત્રાણ પાઠવીએ છીએ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

સરગમ કલબ અને કલાસીક એચ.પી. રાજયગુરૂ કોું. અને કેર ફોર હોમના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે ગુરૂવાર રાત્રે ૮ વાગ્યે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ) ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ ખાતે હસાયરો યોજાશે. આ સરગમી હસાયરો માં સરગમ સહ પરિવાર અને જાહેર જનતા વિના મૂલ્યે આમંત્રણ પાઠવીએ છીએ.

આ હસાયરામાં કલાકાર સાંઈરામ દવે, ધીરુભાઈ સરવૈયા, જગદીશભાઈ ત્રિવેદી અને ગુણવંત ચુડાસમા વગેરે હાસ્યરસ પીરસશે.

આ કાર્યક્રમ માં પ્રમુખ સ્થાન વજુભાઈ વાળા (પુર્વ. ગવર્નર કર્ણાટક રાજ્ય) અને ઉદ્યાટક ભાનુબેન બાબરીયા (મંત્રી ગુજરાત રાજ્ય) મુખ્ય અતિથી વિશેષ નયનાબેન પેઢડીયા (મેયર રાજકોટ મહાનગરપાલિકા) અને આનંદભાઈ પટેલ (કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા) મુખ્ય મહેમાન માં રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય, રાજકોટ), હરેશભાઈ લાખાણી (DML ગ્રુપ, ચેરમેન), પરસોતમભાઈ કમાણી (ડોક્ટર પમ્પ અગ્રણી ઉદ્યોગપતિ), નીરજભાઈ આર્ય (ઉત્કર્ષ ટી.એમ.ટી. બાર), પ્રદીપભાઈ ત્રિવેદી (પુર્વ કોગ્રેસ પ્રમુખ રાજકોટ શહેર), નિખીલભાઈ પટેલ (ડેકોરા ગ્રુપ), જીતુભાઈ બેનાણી (અમીધારા ડેવલપર્સ), રાહિલભાઈ પુજારા (પુજારા ટેલીકોમ), મનીષભાઈ માડેકા (રોલેકસ રિંગ્સ પ્રા.લી.), ખોડીદાસભાઈ પટેલ (આર.કે. યુનિવર્સીટી ગ્રુપ, ચેરમેન), સુરેશભાઈ નંદવાણા (ભવાની ઇન્ડસ્ટ્રીઝ), પરાક્રમસિંહ જાડેજા (જ્યોતી CNC), શૈલેષભાઈ માંકડિયા (રાધે ગ્રુપ), કેતનભાઈ મારવાડી (ચેરમેન મારવાડી એજ્યુકેશન ટ્રસ્ટ), રાજદિપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી) છગનભાઈ ગઢિયા (LIC એજન્ટ, અગ્રણી ઉદ્યોગપતિ) આ તમામ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં એચ.પી. રાજયગુરૂ કોું. ચેરમેન હેતલભાઈ રાજયગુરૂ તેમજ કેર ફોર હોમ ચેરમેન એમ.જે. સોલંકી નો સહયોગ મળેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, સ્મિતભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પારેખ, યોગેશભાઈ પુજારા, હેતલભાઈ રાજયગુરૂ, એમ. જે. સોલંકી ડો. ચંદ્રાબેન શાહ, નીલુબેન મહેતા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજુલાના વિકટર વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે વિધાર્થીઓમા જાગૃતતા માટે તાલિમ કાર્યક્રમ યોજાયો

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૨૫

રાજુલા તાલુકાના વિકટર ગામે જી.એચ.સી.એલ સંચાલિત વોકેશનલ ટ્રેનીગ સેન્ટર ખાતે તાલીમનુ આયોજન કરવામા આવ્યું હતું. ત્યારબાદ પધારેલા મરીન પીએસઆઇ એ.આર.છોવાળા સહિત પોલીસ સ્ટાફનુ જી.એચ.સી.એલ વોકેશનલ ટ્રેનીગ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયુ હતું. આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત પોલીસ દ્વારા વિધાર્થીઓને સાયબર ક્રાઇમ, ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા, નાર્કોટીકસ એન્ડ ડ્રગ્સ બાબતે તેમજ મહીલાઓના કાયદા વિશે વિધાર્થીઓને માહીતીગાર કરી માર્ગદર્શન આપ્યુ હતું. પીપાવાવ મરીન પોલીસ દ્વારા વિધાર્થીઓમા જાગૃતતા આવે તે માટે માર્ગદર્શન પુરુ પાડવામા આવેલ હતું. આ તકે પીએસઆઇ એ.આર.છોવાળા, એ.એસ.આઇ. એમ.કે.મકવાણા, એ.આર.સોલંકી, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મહેન્દ્રભાઇ મજેઠીયા, તેમજ પોલીસ સ્ટાફ, વોકેશનલ ટ્રેનીગ સેન્ટર સ્ટાફગણ સહિત મોટી સંખ્યામા વિધાર્થીઓ હાજર રહ્યા હતાં. પીપાવાવ મરીન પોલીસ દ્વારા સુંદર તાલીમ કાર્યક્રમનુ આયોજન કરાયુ હતું.

પ્રણામી પાર્ક ગરબી મંડળની ગરબીએ જમાવ્યું વિશેષ આકર્ષણ

બાળાઓએ પ્રાચીન ગરબાઓની અને નૃત્યોની રમઝટ સાથે ધૂમ મચાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટના મવડી વિસ્તારમાં ૪૦ ફૂટ રોડ ઉપર આવેલ મવડી વિસ્તારની સૌથી શ્રેષ્ઠ ગરબી પૈકીની એક પ્રણામી પાર્ક સોસાયટીના ગરબી મંડળની નાની બાળાઓએ દરરોજ એક-એકથી ચડિયાતા રાસ-ગરબા રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

અહીં નાની બાળાઓ દ્વારા દરરોજ વિવિધ વિષયો ઉપર બોધાત્મક નાટકો રજૂ કરવામાં આવ્યા હતા તે ખાસ વિશેષતા છે, જેને નિહાળવા દરરોજ આસપાસના એક હજાર જેટલા પ્રેક્ષકો ઉપસ્થિત રહી બાળાઓને પ્રોત્સાહિત કરી હતી.

ગરબી મંડળના આયોજકો અને યજમાનો દ્વારા અહીં ઉપસ્થિત તમામ લોકોને દરરોજ પ્રસાદી રૂપે નાસ્તો આપવામાં આવ્યો હતો. છત્રપતિ શિવાજી, દીકરી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, વૃદ્ધાશ્રમ, માવતર, ગોરા કુંભાર જેવા નાટકો દ્વારા સમાજજીવનને જ્ઞાનથી સમૃદ્ધ અને તંદુરસ્ત બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. વિષેશ વિગત માટે ૯૭૨૭૪૯૪૮૫૩ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

રાજકોટ રામનાથપરા ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ તથા ક્ષત્રિય કરણી સેના પરિવાર દ્વારા

વિજયા દશમીએ શસ્ત્ર પૂજન અને વીરાંજલી શહિદી વંદના યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ તથા શ્રી ક્ષત્રિય કરણી સેના પરિવાર આયોજિત વિજયા દશમી નિમિતે પરંપરાગત શસ્ત્ર પૂજન તથા વીરાંજલી શહીદ વંદના કાર્યક્રમ શ્રી રામનાથપરા ક્ષત્રિય કારડીયા રાજપુત વાડી ખાતે યોજાયો હતો જેમાં બહોળી સંખ્યામાં ક્ષત્રિય રાજપૂત આગેવાનો અને યુવા બંધુઓએ ભાગ લીધો હતો. દીપ પ્રાગટય થયા પછી શાસ્ત્રોક્ત વૈદિક પદ્ધતિથી શસ્ત્ર પૂજન થયું હતું બાદમાં દેશની સીમાઓ પર બલિદાન આપીને વીરગતિ પામેલા ક્ષત્રિય રાજપૂત શહીદ વિરો ને પુષ્પાંજલી અને વીરવંદના કરવામાં આવી હતી. શસ્ત્ર પૂજન પૂર્ણ થયા પછી પદયાત્રા કરી મહાકાળી માતાજી ના મંદિર ખાતે દર્શન કરીને રામનાથ મહાદેવના સાનિધ્યમાં કાર્યક્રમની પુર્ણાહુતી થઈ હતી. આ કાર્યક્રમ રાજપૂત અગ્રણી મહેશસિંહ રાજપૂત, રમેશસિંહ ચૌહાણ, ધીરુભા ડોડીયા, ચંદુભા પરમાર, રણજીતસિંહ દાહીમા, બલદેવસિંહ સિંધવ, ઉદયસિંહ જાદવ, વિનુભા સિંધવ, અજયસિંહ પરમાર, કિશોરસિંહ રાઠોડ, રમેશસિંહ ચાવડા, દોલુભા બારડ, રમેશસિંહ ચાવડા(ઇગલ), જયેશસિંહ ડોડીયા, પ્રફુલસિંહ ડોડીયા, ગજુભા ડોડીયા, સંજયસિંહ પરમાર, ભૂપતસિંહ બાબરીયા, સહદેવસિંહ ડોડીયા, સંદીપસિંહ ડોડીયા, મયુરસિંહ હેરમા, કાનાજી ચૌહાણ, અશ્વિનસિંહ ડોડીયા, જીગ્નેશસિંહ ડોડીયા, પ્રવિણસિંહ સિંધવ, યુવરાજસિંહ ડોડીયા, અજીતસિંહ પરમાર, ભૂપતસિંહ જાદવ, કિશોરસિંહ ડોડીયા, ચંદ્રસિંહ ડોડીયા, મૌલિકસિંહ વાઢેર, વશરામસિંહ પરમાર, જયદીપસિંહ ડોડીયા, ભાવસિંહ ઓરા, જયપાલસિંહ ચાવડા, રાકેશસિંહ રાઠોડ, જનકસિંહ રાજપૂત વગેરે યુવા કાર્યકરો જોડાયા હતા.

વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત એસટી નિગમની ૪૦ બસને આપી લીલી ઝંડી

આજથી એસટી બસમા UPI થી ટિકિટ બુકિંગનો પ્રારંભ

અમદાવાદ વિભાગને ૧૫ અને મહેસાણાને ૭ બસ ફાળવાઈ છે. આ સાથે બરોડા ડેપોને ૧૦, ગોધરા ડેપોને ૬ અને ભરૂચ ડેપોને ૨ બસની ફાળવણી કરવામાં આવી

રાજકોટ,તા.૨૫ તહેવારો દરમિયાન રાજ્યના ST વિભાગને વધુ ૪૦ નવી બસ મળી છે. વાત જાણે એમ છે કે, રાજ્યના વાહન વ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ આજે નવી ૪૦ બસોને લીલી ઝંડી આપી હતી.વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં મોટી સંખ્યામાં નવી બસો શામેલ થઈ છે. આ સાથે UPI થી એસટી બસમાં ટિકિટ બુકિંગનો પણ આજથી પ્રારંભ થયો છે.

આજે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે એસટી નિગમને વધુ ૪૦ બસ મળી છે. વિગતો મુજબ આ ૪૦ બસમાંથી અમદાવાદ વિભાગને ૧૫ અને મહેસાણાને ૭ બસ ફાળવાઈ છે. આ સાથે બરોડા ડેપોને ૧૦, ગોધરા ડેપોને ૬ અને ભરૂચ ડેપોને ૨ બસની ફાળવણી કરવામાં આવી છે. મહત્વનું છે કે, UPIથી ST બસમાં ટિકિટ બુકિંગનો પણ આજથી પ્રારંભ થયો છે.

આ તરફ કાર્યક્રમમાં ઉપસ્થિત વાહન વ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં મોટી સંખ્યામાં નવી બસો શામેલ થઇ છે. આવનારા એક વર્ષમાં વધુ ૨ હજાર બસો લાવવામાં આવશે. આ સાથે તેમણે કહ્યું કે, ગુજરાતના નાગરિકોની સેવામાં એસટી નિગમને સફળતા મળશે. એસટી નિગમની બસોમાં હવે UPIની સુવિધા પણ મળશે. હર્ષ સંઘવીએ કહ્યું કે, નવા ૨ હજાર UPI મશીન આપવામાં આવ્યા છે. જેથી હવે સીધું ઓનલાઈન UPIના માધ્યમથી પેમેન્ટ થઈ શકશે. આ સાથે તેમણે કહ્યું કે, ફરવાલાયક સ્થળો પર એસટી વિભાગની કનેક્ટિવિટી વધારાશે.

કાઈમ કોર્નર

રાજકોટમાં મંગેતરના પૂર્વ પતિએ યુવાનને છરી ઝીંકી

રાજકોટના ચાંફિક રોડ, જાગનાથ પ્લોટમાં રહેતા ચિરાગ રમણીકભાઈ ઝંજવાડિયા નામના યુવાને મોરબી રહેતા ચિરાગ સંજય જાદવ નામના શખ્સ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, મોરબી રોડ, જય જવાન જય કિસાન સોસાયટી-૩માં રહેતી નંદની ગનીભાઈ માલાણી સાથે સગાઈ થઇ છે. સગાઈ બાદ નંદની બે મહિનાથી પોતાની સાથે રહે છે. મંગેતર નંદનીએ અગાઉ મોરબીના ચિરાગ જાદવ સાથે ત્રણ વર્ષ પૂર્વે પ્રેમસંબંધ હોય પ્રેમલગ્ન કર્યા હતા, પરંતુ બંને વચ્ચે મનમેળ નહિ થતા દોઢ વર્ષ બાદ ચિરાગ જાદવ સાથે છૂટાછેડા લઇ લીધા હતા. દરમિયાન સોમવારે મંગેતર નંદનીના પૂર્વ પતિ ચિરાગ જાદવના પોતાના અને નંદનીના મોબાઇલમાં ફોન આવ્યા હતા. મંગેતર નંદનીને ચિરાગે રાતે દસ વાગ્યે ફોન કરી હું બેડી ચોકડીએ આવ્યો છું તમે બંને ત્યાં આવો કૂમરૂ મળી લગ્ન બાબતે વાતચીત કરીશું. જેથી પોતે મંગેતર નંદનીને લઇને બેડી ચોકડીએ ગયો હતો. સાડા દસ વાગ્યે ચિરાગ રિક્ષામાં આવ્યો હતો. રિક્ષામાંથી ઉતરી નેફામાંથી છરી કાઢી પોતાના પર હુમલો કરી દીધો હતો. મિત્રને બોલાવી સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યો હતો. આ અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો છે.

ઘંટેશ્વરમાં શ્રમિક પર નશાખોરનો હુમલો

રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટરમાં રહેતા પારસ ઢગલારામ તવર નામના શ્રમિકને તે જ વિસ્તારના સંજય નામના શખ્સે માર મારી ઈજા પહોંચાડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે. ઈજાગ્રસ્ત યુવાને પોલીસને જણાવેલી વિગત મુજબ, તે મૂળ રાજસ્થાનનો છે અને રાજકોટમાં એકલો રહીને કલરકામ કરે છે. દરમિયાન સોમવારે સાંજે ઘર પાસે આવેલી રાજુભાઈની કરિયાણાની દુકાને કરિયાણું લેવા ગયો હતો. આ સમયે વેપારીની પુત્રી દુકાને હોય તેની સાથે વાત કરતો હતો. ત્યારે સંજયે દારૂના નશામાં માથામાં ઈંટ ફટકારી હુમલો કર્યો હતો.

વાવેતરને નુકસાન કરી ખેડૂત પર હુમલો

તાલુકાના ધમલપર ગામે રહેતા ધર્મેન્દ્રસિંહ સુરુભા જાડેજા નામના ખેડૂતને તેમની વાડી પાસે રહેતા રાયધન છેલા ભરવાડે માર મારી ઈજા પહોંચાડ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ખેડૂતની ફરિયાદ મુજબ તેમની વાડી રાણપુર રોડ પર આવેલી છે. તેની સામે આરોપી ઝૂંપડા બનાવીને રહેતો હોય તેને સોમવારે બપોરે તેના ઢોર વાડીમાં છૂટા મૂકી દીધા હતા જેને કારણે વાડીમાં રહેલા વાવેતરને નુકસાન થયું હતું. આ મુદ્દે રાયધનને વાત કરતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને ગાળો ભાંડી ધોકાથી હુમલો કર્યો હતો. જેમાં પોતાને હાથમાં ફ્રેક્ચર જેવી ઈજા થઇ છે. કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

પવનચક્કીમાં વીજકરંટ લાગતાં યુવા એન્જિનિયરનું મોત

ટંકારાના મીતાણાની સીમમાં પવનચક્કીમાં વીજકરંટ લાગતાં યુવા એન્જિનિયરનું મોત નીપજ્યું હતું. મોરબી રોડ પરના રતનપરમાં આવેલા હાર્દિક કોમ્પ્લેક્સમાં રહેતા કૌશિકભાઈ રણછોડભાઈ પઢિયાર (ઉ.વ.૨૩) ટંકારાની સીમમાં આઇનોક્સ કંપનીમાં પવનચક્કીની સાઇટ પર સોમવારે સાંજે ફરજ પર હતા ત્યારે તેમનો હાથ પવનચક્કીની ચાલુ લાઇનમાં અડી જતાં જોરદાર વીજકરંટ લાગતા તે બેભાન થઇ ઢળી પડ્યા હતા તેમને તાકીદે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, કોડીનારના વતની કૌશિકભાઈ ત્રણ બહેનના એકના એક ભાઇ હતા અને રતનપરમાં રહી પવનચક્કીની સાઇટ પર નોકરી કરતા હતા. પુત્રનાં મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

પડધરીના રંગપરમાં હાર્ટએટેકથી ૪૩ વર્ષના શિક્ષકનું મોત

હાર્ટએટેકથી મૃત્યુની ઘટના સતત વધી રહી છે ત્યારે પડધરીના રંગપરમાં રહેતા ૪૩ વર્ષના શિક્ષકનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. રંગપર ગામે રહેતા દીપકભાઇ કાનજીભાઇ વેકરિયા (ઉ.વ.૪૩) મંગળવારે સવારે પોતાના ઘરે હતા ત્યારે તેમને અચાનક ગભરામણ થવા લાગી હતી અને બેભાન થઇ ઢળી પડતાં તેમને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બે ભાઇ અને એક બહેનમાં બીજા નંબરના દીપકભાઇ લોધિકાના નાના વડા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેમને સંતાનમાં એક પુત્રી છે. હૃદયરોગના હુમલાથી તેમનું મૃત્યુ થયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. આવા જ અન્ય એક બનાવમાં રાજકોટમાં ગોંડલ રોડ પરના રિદ્ધિસિદ્ધિ પાર્કમાં રહેતા ધીરજલાલ મગનલાલ ભટ્ટી (ઉ.વ.૬૯) પોતાના ઘરે બેભાન થઇ જતાં તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું.

કાલે શ્રી ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ દ્વારા બાયબાય નવરાત્રી રાસોત્સવનું ભવ્ય આયોજન

સૌરાષ્ટ્ર ક્રાંતિની મુલાકાતે શ્રી ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિના પ્રમુખ ગીરધરભાઈ બગથરીયા, ઉપપ્રમુખ સચીનભાઈ પરમાર, મંત્રી ભરતભાઈ ધોળકીયા, ખજાનચી લલીતભાઈ પરમાર, સહમંત્રી બળદેવભાઈ સોલંકી, પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ સોલંકી, નીતિનભાઈ રાઠોડ, સતીષભાઈ પોપટાણી, પ્રકાશભાઈ પરમાર, અરૂણભાઈ વિઠ્ઠલાપરા, હિતેષભાઈ રાઠોડ અને રાજભાઈ ધામેલીયા તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટ શહેરમાં નવરાત્રીની ઉજવણીમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. ત્યારે શક્તિ ભક્તિ અને આરાધનાનું પર્વ એટલે નવરાત્રી મહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રી ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ દ્વારા તા.૨૬ને ગુરૂવારે સાંજે ૬ થી ૧૦ કલાક દરમ્યાન વન-ડે બાય...બાય....નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફકત વાળંદ સમાજના ભાઈઓ તથા બહેનો માટે ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, પરસાણા ચોક, રોયલ રજવાડી ગ્રાઉન્ડ, પેટ્રોલ પંપની સામે, સ્પીડવેલ પાર્ટી પ્લોટ મેઈન રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે પ્રમુખ ગીરધરભાઈ બગથરીયા-મો. ૮૧૪૧૯ ૧૦૩૩૪ અને સચિનભાઈ પરમાર-મો. ૯૨૨૮૪ ૦૩૪૪૦ પર સંપર્ક કરવાનો રહેશે.તેમ જણાવ્યું છે.

નિકાવા અને પીપર ગામ વચ્ચે કારે હડફેટે લેતા ૧૯ વર્ષીય હાર્દિક પટેલનું મોત

હાર્દિક રાજકોટમાં ઓમનગર સર્કલ પાસેના પટેલનગરમાં રહેતો અને મેટોડા કંપનીમાં નોકરી કરતો હતો

રાજકોટ, તા.૨૫

કાલાવડ તાલુકાના નિકાવા નજીક અકસ્માતમાં ઘવાયેલા રાજકોટના ૧૯ વર્ષીય હાર્દિક વસંતભાઈ તરપદા (પટેલ)નું મોત થયું છે. તે બાઈક લઈ મિત્રને મળવા ખીજડીયા જતો હતો ત્યારે નિકાવા અને પીપર ગામ વચ્ચે કારે હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. યુવનના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

બનાવની વિગત મુજબ, મૃતક હાર્દિકનો પરિવાર મૂળ ધ્રોલ તાલુકાના લતિપર ગામનો વતની છે. પણ ઘણા વર્ષોથી રાજકોટમાં ૧૫૦ રિંગ રોડ, ઓમનગર સર્કલ પાસે આવેલા પટેલ નગરમાં રહે છે. તે મેટોડા જીઆઈડીસીમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે તે બાઈક લઈ કલાવડ તાલુકાના ખીજડીયા ગામે પોતાના મિત્રને મળવા જતો હતો.ત્યારે નિકાવા અને પીપર વચ્ચે આશરે બપોરે એક વાગ્યે કાળ બની આવેલી કાળાં કલરની કારે બાઈક સહિત તેને હડફેટે લેતા ગંભીર રીતે ઘવાયો હતો. હાર્દિકને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં ટૂંકી સારવારમાં જ તેણે દમ તોડી દીધો હતો. પોલીસે કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. મૃતક બે ભાઈમાં મોટો હતો. તેના પિતા ખેતી કામ કરે છે. આશાસ્પદ યુવાનના અકાળે મોતથી પટેલ પરિવારમાં શોક છવાયો છે.

દિલ્હી જતી ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતા અઢી કલાક મોડી ઉપડી

રાજકોટ,તા.૨૫

રાજકોટના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં દિલ્હીથી રાજકોટ આવેલી ફ્લાઇટ પરત દિલ્હી જવા ટેક ઓફ થાય તે પહેલા ટેક્નિકલ ખામી સર્જાય હતી. જેના કારણે મુસાફરો અઢી કલાક મોડા દિલ્હી પહોંચ્યા હતા. ફ્લાઇટ મોડી દિલ્હી પહોંચતા કનેક્ટિંગ ફ્લાઇટવાળા મુસાફરોને મુશ્કેલી થઇ હતી. રાજકોટ એરપોર્ટ ઓથોરિટી પાસેથી મળતી માહિતી મુજબ કલાકે એઆઇસી ૪૦૩/૪૦૪ દિલ્હી રાજકોટ દિલ્હી ફ્લાઇટ રાત્રે ૮ કલાકે રાજકોટ એરપોર્ટ પરથી ટેક ઓફ થાય છે, પરંતુ સોમવારે તેમાં ટેક્નિકલ ખામી સર્જાતા મુસાફરો પરેશાન થયા હતા. ટેક્નિકલ ખામી સર્જાતા એન્જિનિયરોની ટીમને બોલાવી હતી. ટેક્નિકલ ખામી દૂર કરવામાં અઢી કલાક જેવો સમય લાગ્યો હતો. જેથી મુસાફરોએ દેકારો કર્યો હતો. જોકે બાદમાં અધિકારીઓએ મુસાફરોને સમજાવ્યા હતા. ટેક્નિકલ ખામી દૂર થયા બાદ રાત્રે ૧૦:૩૦ કલાકે દિલ્હી જવા ફ્લાઇટ ટેક ઓફ થઇ હતી.

'તું મારી મસ્તી કેમ કરે છે' કહી યુવાનને બે શખ્સે માર મારી છરીના ઘા ઝીંક્યા

રાજકોટ,તા.૨૫

મફકરીના મુદ્દે યુવાનને છરીના આડેધડ ઘા ઝીંકી હત્યાની કોશિશનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. અમીન માર્ગ પર આવેલા હિંગળાજનગર-૮માં રહેતા સ્મિત બચુભાઇ જોગરાણા નામના યુવાને અજય બુધા બોળિયા અને તેના ભાઇ રાજુ સામે ફરિયાદ નોંધાવી છે. ઇજાગ્રસ્ત યુવાનની ફરિયાદ મુજબ, ગઇકાલે વિસ્તારની ગરબી પતાવી પોતે મિત્રો સાથે અમીન માર્ગ પર બેઠા હતા. જેમાં અજય પણ સાથે બેઠો હતો. આ સમયે મિત્ર મનીષ સભાડને તારાથી મોબાઇલમાં સરખા ફોટા પડતા નથી તેમ કહી મસ્તી કરી હતી.

ત્યારે અન્ય મિત્રોએ પણ મનીષની મસ્તી કરી હતી. આ સમયે અજયને પોતાની મસ્તી કરતો હોવાની શંકાએ તું મારી મસ્તી કેમ કરે છે કહી ઝઘડો કર્યો હતો. મામલો વધુ બિચકતા બંને વચ્ચે હાથાપાઇ થતા અન્ય મિત્રો વચ્ચે પડી છૂટા પાડ્યા હતા. અને થોડા સમય પછી અજયને તેના ઘરે મોકલી દીધો હતો. બાદમાં પોતે મિત્રો સાથે બેઠો હતો. તે સમયે અજય તેના ભાઇ રાજુ સાથે બાઇક પર ધસી આવી પોતાને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું.

જેથી તેને ગાળો દેવાની ના પાડતા તું મારી મસ્તી કરતો હતોને કહીને રાજુએ ઢીકાપાટુનો માર માર્યો હતો. અને અજયે તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી પેટમાં, પડખામાં, કમરમાં ઘા ઝીંકી દીધા હતા. પોતે લોહીલુહાણ થઇ જવા છતાં બંને ભાઇએ માર મારવાનું ચાલુ રાખ્યું હતું. મામલો વધુ વણસતા મિત્રોએ અજય અને રાજુના મારથી પોતાને બચાવ્યો હતો. મિત્રો વચ્ચે પડતાં જ અજય અને તેનો ભાઇ રાજુ બાઇક પર નાસી ગયા હતા. ત્યાર બાદ મિત્રો પોતાને સારવાર માટે લઇ ગયા હતા. પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી આરોપી બંધુની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં Ph.Dના પ્રવેશ ફોર્મ આજથી ભરાશે

રાજકોટ,તા.૨૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.માં નોંધણી માટેના પરીક્ષા ફોર્મ પ્રવેશ તા.૨૫ ઓક્ટોબરથી ૦૮ નવેમ્બર સુધી વેબસાઈટ **https://phd.sauuni.ac.in** પર ઓનલાઈન ભરી શકાશે. ઓનલાઈન પ્રવેશ ફોર્મની પ્રિન્ટ તથા તે અંગેના કોઈપણ ડોક્યુમેન્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવાના નથી અન્ય કોઈ વિગત માટે ઈ-મેલ આઈ.ડી.૨૦૨૩**suuni.ac.in** પર સંપર્ક કરવો. મેરિટ કમ એન્ટ્રન્સ પરીક્ષાના કાર્યક્રમ અંગેની વિગતવાર માહિતી, સીટ નંબર, વિષયવાર પીએચ.ડી.ની ઉપલબ્ધ સીટની માહિતી તથા વિષય મુજબનો પીએચ.ડી. પરીક્ષા ૨૦૨૩ માટેનો અભ્યાસક્રમ તથા પ્રવેશ સંબંધિત તમામ **https://phd.sauuni.ac.in** પર પ્રસિદ્ધ કરવામાં આવશે તેવું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જણાવાયું છે.

આવતીકાલે સ્વયંભુ બ્રહ્મસેવકના સ્થાપક વિરલ ભારદ્વાજનો જન્મદિવસ

રાજકોટ,તા.૨૫

સ્વયંભુ બ્રહ્મસેવકના સ્થાપક વિરલ ભારદ્વાજનો આવતીકાલે જન્મદિવસ છે ત્યારે પોતાના મંગલમય જીવનના ૩૨ વર્ષ પુર્ણ કરી ૩૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે ત્યારે ઠેર ઠેર થી શુભકામના મળી રહી છે. વિરલ ભારાજ બાળપણથી જ રાષ્ટ્રવાદની વિચારધારા સાથે જોડાઈ વિવિધ સેવાકીય અને સંસ્થાકીય કાર્યોમાં સતત અગ્રેસર રહયા છે. તેમજ વિવિધ ઉદ્યોગક્ષેત્રે પણ સંકળાયેલા છે. સામાજીક ક્ષેત્રે તેઓ પરશુરામ જન્મોત્વસની ઉજવણીમાં સતત ૧૦ દિવસ સુધી મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરી આ ઉજવણીમાં સામેલ થાય છે ત્યારે આવતીકાલે તેમનો જન્મદિવસ છે ત્યારે તેમના મોબાઈલ નં. ૯૨૬૫૮૬૮૪૪૬ ઉપર ઠેર ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

બાઈક આડે થાર કાર રાખી બેંક કર્મી પર ત્રણ શખ્સનો પથ્થર અને સાયકલથી હુમલો

યુવકને બચાવવા વચ્ચે પડેલ મિત્રને પણ મારમાર્યો, ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડ્યા, પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૨૫

જસદણમાં બાઈક આડે થાર કાર રાખી બેંક કર્મી પર ત્રણ શખ્સનો પથ્થર અને સાયકલથી હુમલો કરેલ હતો. તેને બચાવવચ્ચે પડેલ તેના મિત્રને પણ ફટકારતાં બંને ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે જસદણ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે જસદણના મફતીયાપરામાં રહેતાં સમીરભાઈ યુસુફભાઈ પઠાણ(ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હુસેન૧ઉર્ફે લાલો, શાહરુખ ફકીર અને ફરીદ મેતર (રહે. તમામ જસદણ) નું નામ આપતાં જસદણ પોલીસે આરોપી વિરૂદ્ધ આઇપીસીની કલમ ૩૨૩,૫૦૪,૧૧૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જસદણ એક્સિસ બેન્કમાં ગોલ્ડ લોન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. ગઈકાલે બપોરના સમયે તેઓ તેના મિત્ર મોહિદ સાથે બાઇકમાં ઘરેથી બસ સ્ટેન્ડ પાસે ગયેલ ત્યારે તેમના પડોશીને ઘરે જવું હોય જેથી ગાડીમાં તેઓ અને તેની સાથેના અન્ય બે લોકો ત્રણ સવારીમાં ઘરે જવા નીકળેલ હતા ત્યારે સરકારી હોસ્પિટલ પાસે પહોંચેતા એક લાલ કલરની કારના ચાલકે અચાનક કાર ઉભી રાખતાં તેઓએ બાઇક ઉભું રાખી દિધું હતું.

દરમિયાન થારમાંથી હુસેન ઉર્ફે લાલો ઉતરેલ અને બોલાચાલી કરી ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલ ત્યારે શાહરુખ ફકીર તથા ફરીદ મેતર બંને ઘસી આવેલ અને ત્રણેય મળી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતાં. દરમિયાન ફરિયાદીના મિત્ર દેવરાજભાઈ તથા મોહિદ બંને બચાવવા વચ્ચે પડતા તેને પણ ઢીકાપાટુનો માર લાગેલ હતો.તેમજ ફરિયાદી તેના ભાઈને ફોન કરતો હતો ત્યારે ફરીવાર આરોપીઓ તેઓને મારમારવા લાગેલ અને તેમાંથી કોઈએ જમીન પર પડેલ પથ્થર લઈને માથામાં પથ્થરનો ઘા ઝીંકી દિધો હતો. તેમજ ત્યાં પડેલ સાયકલ પણ ઉપાડીને મારેલ હતી. બાદમાં ત્યાં લોકોનું ટોળું એકઠું થઈ જતાં આરોપીઓ થાર કારમાં ફરાર થઈ ગયાં હતાં.

બાદમાં ફરિયાદી અને તેના મિત્રને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં. જ્યાં તેઓએ જોયું તો તેમનો મોબાઈલ ફોન, સોનાનો ચેઇન તથા પાકીટ જોવામાં આવેલ નહીં,જે મારામારી દરમિયાન બનાવ સ્થળે પડી ગયેલ હતું. બનાવ અંગેની ફરિયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી હુમલો કરનાર આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

રીઝલ્ટ એડવર્ટાઈઝીંગ પ્રાઈવેટ લીમીટેડનો સિલ્વર જ્યુબીલી વર્ષમાં મંગલ પ્રવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૨૫

આજે રિઝલ્ટ એડ. પ્રા.લી. પ્રમોશન અને જાહેરખબરના ક્ષેત્રે એક અગ્રીમ કક્ષાનું અને સૌથી ચહિતું નામ બની ગયું છે. માત્ર ૧૦ કલાયન્ટસના કામ સાથે શરૂ કરાયેલ પેઢી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સ્વરૂપે વિકાસ પામી આજે ૪૫૦ થી વધુ કલાયન્ટસને ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહી છે. કલાઈન્ટસને પરીણામદર્શક જાહેરાત દ્વારા તેઓનાં વ્યવસાયને ટારગેટ સુધી પહોંચવામાં રીઝલ્ટ એડ.પ્રા.લી. સતત મદદરૂપ બનતી આવી છે. વધુમાં ગ્રાહકોને નવતર ડીઝાઈનીંગ, ક્રિએટીવ આઈડીયાઝ, યથાર્થ એડ.પોઝીશનીંગ, ઉત્કૃષ્ટ સર્વિસ તેમજ ઉત્સાહી અને કાર્યદક્ષ સ્ટાફ થકી છેલ્લા ૨૪ વર્ષમાં અપાર સંતોષ મળેલ.

માર્કેટિંગનું બેકગ્રાઉન્ડ ધરાવતા જીતુભાઇ અને મેહુલભાઇએ આ આગવી કુશળતા હાંસલ કરી છે અને એમની પેઢીનું નામ સાર્થક કર્યુ છે. રીઝલ્ટ એટલે પરિણામ. લોકો જાહેરખબર પર ખર્ચ કરે તો તેમને પરિણામ જોઇએ અને શ્રેષ્ઠ પરિણામ કે રિસપોન્સ અપાવવામાં રીઝલ્ટ એડની માસ્ટરી છે જે એમને અન્ય જાહેરખબર એજન્સીઓથી અલગ પાડે છે. રાજકોટમાં છેલ્લા બે દાયકામાં સૌથી વધુ પ્રેસ કોન્ફરન્સ કરવાનો કે રાજકોટમાં આજ સુધીના સૌથી વિશાળ પ્રોપર્ટીફેરનું આયોજન કરવા જેવી અનોખી સિધ્ધીઓ રીઝલ્ટ એડવર્ટાઈઝીંગ પ્રા.લી. એ મેળવી છે. રીઝલ્ટ એડ. ના જીતુ કોઠારી અને મેહુલ દામાણીએ રાત-દિવસ જોયા વગર મહેનત કરી, દીર્ઘદ્રષ્ટિ દ્વારા રાજકોટ કે સૌરાષ્ટ્રમાં જ નહીં, ગુજરાતભરમાં રીઝલ્ટ એડ. કંપનીને નવી ગરીમા અપાવી ત્યારે ડો. કલામ સાહેબનું વાકય સાર્થક થતુ લાગ્યુ કે, સપને વો હૈ જો આપકો નીંદ ન આને દે..... આજે રીઝલ્ટ એડ. ની સફર મંદ નથી પડી, ગતિ ધીમી નથી પડી. રીઝલ્ટ એડ. કંપની વધુ યુવાન બની છે.

રીઝલ્ટ એડવર્ટાઈઝીંગ પ્રા.લી. ૧૧૧-૧૧૨-અમીધારા, કેનાલ રોડ, રાજકોટ. રમેશભાઈ રૂપાપરા-૯૮૨૪૦ ૫૬૫૬૫, જીતુ કોઠારી - ૯૮૨૫૦ ૭૬૩૧૬ અને મેહુલ દામાણી-૯૮૨૫૦ ૭૯૬૧૫ ઉપર અનરાધાર અભિનંદન વરસી રહયા છે.

રાજકોટમાં ઈઝરાયલ બોયકોટના પોસ્ટર લાગ્યા: ૪ શંકાસ્પદોની અટકાયત

નીલકંઠ પાર્ક અને આજુબાજુના વિસ્તારમાં ઇંગ્લિશ લખાણવાળા પોસ્ટર તાત્કાલિક દૂર કરી પોલીસે તપાસનો દોર શરૂ કર્યો

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારને અડીને આવેલા નીલકંઠ પાર્કમાં અને આસપાસના રોડ પર ઈઝરાયલ બોયકોટના ઈંગ્લિશ લખાણવાળા કોઈ અસામાજિક તત્ત્વોએ પોસ્ટર લગાડ્યા હતા. આ અંગેનો વીડિયો ફરતો થતાં ભક્તિનગર પોલીસ અને એસઓજીએ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ તપાસ કરતાં જંગલેશ્વરમાં રહેતા ચાર મુસ્લિમ શખ્સોએ આ પોસ્ટર લગાડ્યાનું સ્પષ્ટ થતાં ચારેયની અટકાયત કરીને તેઓની આકરી પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

ઈઝરાયલ અને હમાસના આતંકવાદીઓ વચ્ચે છેલ્લા ૧૮ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે શાંત ગણાતા રાજકોટ શહેરમાં જંગલેશ્વરને અડીને આવેલા વિસ્તારોમાં ઈઝરાયલ બોયકોટના ઈંગ્લિશ લખાણવાળા પોસ્ટર કેટલીક જગ્યાએ ચોંટાડવામાં આવ્યા હતા. આ પોસ્ટરનો કોઈ સાઇકલસવાર વ્યક્તિએ વીડિયો બનાવીને ફરતો કર્યો હતો. ટૂંક સમયમાં જ આ વીડિયો અંગેની જાણકારી ભક્તિનગરના પોલીસ ઈન્સ્પેક્ટર મયૂરધ્વજસિંહ સરવૈયા અને તેની ટીમને થતાં તાકીદે નીલકંઠ પાર્ક અને તેની આજુબાજુના વિસ્તારમાં જઈને તપાસ કરતા ઈઝરાયલ બોયકોટ લખેલા પોસ્ટર દીવાલ પર ચોંટેલા જોવા મળ્યા હતા.

સૌ પ્રથમ આવા પોસ્ટરો હટાવી લેવામાં આવ્યા હતા. અને આવું હીન કૃત્ય કોના દ્વારા કરવામાં આવ્યું છે તેની યુદ્ધના ધોરણે તપાસ શરૂ કરવામાં આવી હતી. ત્યારે જંગલેશ્વર વિસ્તારમાં રહેતા સમીર બ્લોચ, સુલતાન દલુ, શાહનવાઝ વેત્રણ અને સમીર અંસારી નામના શખ્સો આ ઘટનામાં સંડોવાયા હોવાની વિગતો પોલીસને પ્રાપ્ત થઈ હતી.

આથી ચારેયની અટકાયત કરીને પોલીસ મથકે બેસાડી દેવામાં આવ્યા હતા અને આ પોસ્ટર લગાડવા પાછળ તેમનો ઈરાદો શું હતો, તેઓ કોઈ સંગઠન સાથે સંકળાયેલા છે કે કેમ, કોઈ સંગઠનના કહેવાથી પોસ્ટર લગાડ્યા છે કે કેમ, તેઓની ભૂતકાળમાં પ્રવૃત્તિઓ શું હતી, તેઓએ આ પોસ્ટર ક્યાં છપાવ્યા, કોના કહેવાથી છપાવ્યા, ક્યા સ્થળે છપાવ્યા અને આ પોસ્ટર લગાડવા માટેનો તેમનો હેતુ શું હતો. તે સહિતના મુદ્દે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે ચારેય શખ્સોને સકંજામાં લઈ પુછપરછ કરતા તેમણે કહ્યું હતું કે, આ બન્ને દેશ વચ્ચેના યુદ્ધમાં પેલેસ્ટાઈનના ઈજાગ્રસ્તોની સારવાર માટે ભારતે દવાનો જથ્થો મોકલીને પેલેસ્ટાઈનને મદદ કરી છે. ત્યારે પેલેસ્ટાઈન પર હુમલો કરનાર ઈઝારાયેલની મલ્ટિ નેશનલ કંપનીઓની પ્રોડક્ટ ખરીદીનો બહિષ્કાર કરવામાં આવે તેવી અપીલ કરતી પત્રિકા છાપી હતી.

એક વર્ષમાં ભાવ ૫૩૦૦૦ થી વધીને ૬૩૨૦૦

ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ: ગત વર્ષ કરતાં ૨૦ ટકા ઓછું વેચાણ

સિક્કા-બિસ્કીટને બદલે જવેલરીની જ ખરીદી કરવાનો ટ્રેન્ડ

અમદાવાદ તા.૨૫

દશેરાનાં પવિત્ર દિવસો ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ થયુ હતું. જોકે, ઉંચા ભાવને કારણે કારોબારને ફટકો હતો અને ગત વર્ષ કરતાં ૨૦ ટકા ઓછુ વેચાણ થયાનું જણાવાય છે. ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશનના અંદાજ પ્રમાણે ગઈકાલે દશેરાના શુભ દિવસે સામાન્ય દિવસો કરતા સોના-ચાંદીનુ વધુ વેચાણ થયુ હોવા છતાં ઉંચા ભાવને કારણે અમુક અંશે કારોબારને ફટકો પડયો હોવાનું માલુમ પડયુ હતું. સમગ્ર ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ થયુ હતું. જે ગત વર્ષે ૫૦૦ કિલોનું હતું.

તેની સરખામણીએ ૨૦ ટકાનો ઘટાડો હતો.છેલ્લા દિવસોમાં જુનુ સોનુ પરત આપીને નવુ ખરીદવાનું ચલણ પણ વધુ માલુમ પડયુ હતું. દશેરાના દિવસે સોનાનો હાજર ભાવ ૬૨૨૦૦ થી ૬૨૪૦૦ ની રેન્જમાં રહ્યો હતો. ગત વર્ષનાં દશેરા ૫ ઓકટોબર ૨૦૨૨ ના હતા અને તે દિવસે ૫૭૦૦૦ નો ભાવ હતો તેની સરખામણીએ આ વર્ષે ૧૭.૪ ટકા ઉંચો ભાવ રહ્યો હતો. જવેલર્સોનાં કહેવા પ્રમાણે છેલ્લા એક પખવાડીયામાં સોનાના ભાવમાં વધારો થયો હોવા છતાં નવરાત્રીનાં દિવસોમાં ડીમાંડ પ્રમાણમાં સારી હતી.

સૌથી વધુ ખરીદી નાના શહેરો-ગ્રામ્ય વિસ્તારનાં લોકોની હતી. સારા વરસાદથી કૃષિ ઉત્પાદન સારૂ થયુ છે.ગામડામાં મોટુ નાણુ હાથમા રહે તેમ હોવાથી સોનામાં સારી ખરીદી થઈ છે.અન્ય ક્ષેત્રોમાં મોંઘવારીનું દબાણ છે. એટલે રોકાણની દ્રષ્ટિએ પણ સોનાને પ્રાથમીકતા આપવામાં આવી હોવાની છાપ છે. ઝવેરી માર્કેટનાં સુત્રોના કહેવા પ્રમાણે દશેરાએ સોનાના સિક્કા તથા બિસ્કીટની માંગ સામાન્ય રીતે નોંધપાત્ર રહેતી હોય છે. છેલ્લા બે ત્રણ વર્ષનાં આવા ટ્રેંડની વિપરીત આ વખતે સિક્કા તથા બિસ્કીટનું વેચાણ માત્ર ૧૦ ટકા હતું.

૯૦ ટકા વેચાણ જવેલરીનું જણાયું હતું. થોડા વખત પૂર્વે સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૬૬૦૦૦ સુધી પહોંચ્યો હતો એટલે આ વખતે યુદ્ધ જેવા ભૌગોલીક ટેન્શનથી સર્જાયેલી તેજીની બહુ મોટી અસર થઈ ન હતી. જવેલર્સો દ્વારા ૩૦ ટકા ડીસ્કાઉન્ટ (ઘડામણ ચાર્જ પર) ઓફર પણ મુકવામાં આવી હતી. મહદ અંશે તેનુ આકર્ષણ હતું ઉપરાંત દિવાળી પછીના લગ્નગાળા માટેના મુહુર્તે ખરીદી થઈ હતી.

રાજ્યમાં વીજ અકસ્માતને લીધે ૪,૭૫૮ નાગરિકોનાં મોત

દિવાળીના તહેવારોમાં રિનોવેશન દરમિયાન લટકતાં વીજ વાયરોથી સાવચેત રહો; રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં વીજફોલ્ટ રીપેર કરવાની પુરતી સુવિધા નહીં હોવાને લીધે વીજ અકસ્માતોનું પ્રમાણ વધુ : વીજલાઈન બંધ કરવામાં થાપ ખાઈ

છેલ્લા ૧૧ વર્ષના વીજ અકસ્માતનું સરવૈયું; ૪૬૪ સરકારી કર્મચારીઓએ જીવ ગુમાવ્યા



રાજકોટ,તા.૨૫

પશ્ચિમ ગુજરાત વીજ કંપની સહિત રાજ્યની પાંચેય વીજકંપનીમાં અકસ્માત નિવારવા બનાવવામાં આવેલ સિફ્ટી નિયમ માત્ર કાગળ ઉપર હોય તેવું ફલિત થઈ રહયું છે. અકસ્માત ઘટાડવાના બદલે વધ્યા છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન પાંચેય વીજકંપનીમાં અકસ્માતની ૪૬૪ સરકારી કર્મચારીનાં મોત થયા છે. જ્યારે ૧૮૫૩ સરકારી કર્મચારી ઈજાગ્રસ્ત થયા છે. આવી જ રીતે ખાનગી જગ્યાએ થયેલ વીજ અકસ્માતથી ૪૭૫૮ લોકોએ જિંદગી ગૂમવી છે. તેમજ ૫૯૪૩ પ્રાણી - પશુઓના મોત નીપજ્યા છે.

પીજીવીસીએલના સુત્રોએ જણાવ્યું કે વાયર નેટવર્ક, થાંભલા તેમજ ૧૧ કે.વી.નાં રીપેરીંગ માટે સૌ પ્રથમ લાઈન બંધ કરવાનો નિયમ છે, એ જ રીતે ત્રણ વાયરમાંથી વીજ પ્રવાહ ચાલુ હોય તેને એકબીજાને અર્થીંગ, રોડ આપવાનો નિયમ છે. મોટાભાગના બનાવમાં લાઈન અને અર્થીંગ આપવામાં સરકારી કર્મચારીઓ થાપ ખાઈ જાય છે. તેના કારણે અકસ્માત થાય છે. આમ છતાં અકસ્માતથી બચવા માટે વીજકંપની દ્વારા હેલ્મેટ, મોજાં સહિતના ગેઝેટ આપવામાં આવે છે. તેનો વીજ કર્મચારીઓ જવલ્લે જ ઉપયોગ કરતા હોય છે.

વીજ અકસ્માતના કારણોની ચર્ચામાં અધિકારી સુત્રોએ જણાવ્યું હતું કે જે તે સ્થળે થયેલ વીજ અકસ્માત બાદ એનાલીસીસ કરવામાં આવે છે. તેમાં લાઈન કે ફિડર બંધ કરવાની સુચના હોય તેના બદલે બીજો જ ફિડર બંધ કરવામાં આવ્યો હોય તેવું બને છે. ખાસ કરીને શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં અકસ્માતનું પ્રમાણ વધું છે. કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં લાઈનમેન, હેલ્પરને થાંભલા ઉપર ચડી મરામતની કામગીરી કરવી પડે છે. જ્યારે શહેરમાં હેલ્પર, લાઈનમેન માટે લોડરની વ્યવસ્થા હોવાથી અકસ્માત ઓછા થાય છે. અમુક કિસ્સામાં એવું પણ જાણવા મળ્યું છે કે રીપેરીંગ દરમિયાન સુપરવાઈઝર, હેલ્પર, લાઈનમેનની ઘટના સ્થળે હાજરી ફરજીયાત હોય છે. પરંતુ સુપરવાઈઝર કે હેલ્પર હાજર હોતા જ નથી. આથી વીજકંપની દ્વારા બેદરકારી સબબ કારણદર્શક નોટીસ, ચાર્જશીટ, આપવામાં આવે છે તે પછી સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરવામાં આવે છે.પાંચેય વીજ કંપનીઓમાં અકસ્માતનું વિશ્લેષણ કરવામાં આવે તો સૌથી વધુ અકસ્માત પીજીવીસીએલમાં થાય છે.

કવાડ્રીસેન્ટેનિઅલ કરિશ્મા

અંગ્રેજી ભાષાનો આ શબ્દ ૧/૪ સદીની સંતૃપ્તા માટે પ્રેરાયેલો છે, અમે આજે અમારી વ્યવસાય યાત્રાનાં ૨૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ.

પરિપકવતાના સિમાચિન્હ આ ઉંમરને આપ સંગ ઉજવીશું.

અમારા કલાઈન્ટસ, અમારા વેન્ડર્સ, અમારી હ્યુમન ટેલેન્ટ, અમારા શુભેચ્છકો અને અમારા ક્રિટીક... દરેકને વંદન...

RESULT®
Advertising Pvt. Ltd.
111-112 Amidhara Canal Road Rajkot
resultad99@gmail.com : 94269 10014

જુનાગઢને 'યુનો'ની 'વોટર ક્રેડીટ' દેશનું પ્રથમ શહેર બન્યુ

વરસાદી પાણીના સંગ્રહ મારફત એક કરોડ લીટર પાણી બચાવ્યુ: ૯૦ લાખ 'વોટર ક્રેડીટ'મળી; બ્લોક ચેઈન, એકસચેંજ મારફત રોકડમાં રૂપાંતરીત થઈ શકશે- નાણા અન્ય વિકાસ કામોમાં વાપરી શકાશે: સંયુકત રાષ્ટ્ર સંઘની સ્કીમમાં પ્રોજેકટ મુકવામાં પણ જુનાગઢ પ્રથમ



રાજકોટ,તા.૨૫

આરોગ્ય ક્ષેત્રમાં એટીએમ જેવી નમુનેદાર સુવિધા શરૂ કરનાર જુનાગઢે હવે વરસાદી પાણીનાં સંગ્રહમાં સિદ્ધિ હાંસલ કરી છે.વરસાદી પાણીનો સંગ્રહ કરીને વોટર ક્રેડીટ મેળવનાર જુનાગઢ માત્ર ગુજરાત જ નહિં, સમગ્ર દેશનું પ્રથમ શહેર બન્યુ છે.

ગુજરાતમાં તાજેતરમાં પુરા થયેલા ચોમાસા દરમ્યાન જુનાગઢમાં ભરપુર વરસાદ વરસ્યો હતો. કોર્પોરેશન સતાવાળાઓએ તેનો ભરપુર લાભ ઉઠાવ્યો હતો. સંયુકત રાષ્ટ્ર સંઘ (યુનો) ના સંગઠન દ્વારા ૨૦૧૪ માં ઘટતા જતા કુદરતી પાણી સ્ત્રોતને બચાવવા માટે વોટર ક્રેડીટ પ્રોજેકટ લાગુ કર્યો હતો જે અંતર્ગત વરસાદી પાણીનો સંગ્રહ કરીને રહેણાંક સોસાયટી, ઉદ્યોગો, સરકારી સતા મંડળો વોટર ક્રેડીટ મેળવી શકે છે અને તે પેટે કેશ ક્રેડીટ મળે છે.

જુનાગઢ મ્યુનિ.કોર્પોરેશનને હસનાપુર ડેમમાં એક કરોડ લીટર પાણીની બચત બદલ ૯૦ લાખ વોટર ક્રેડીટ મળી છે. હસનાપુર ડેમથી જુનાગઢ શહેરની ૩૦ ટકા તરસ છીપાઈ છે. કોર્પોરેશને ગત જુલાઈમાં વોટર ક્રેડીટ મેળવવા સંયુકત રાષ્ટ્ર સંઘમાં પ્રક્રિયા કરી હતી. યુનાઈટેડ વોટર રજીસ્ટ્રી દ્વારા વિસ્તૃત ચકાસણી કરાયા બાદ વોટર ક્રેડીટ મંજુર કરવામાં આવી હતી.

જુનાગઢનો હસનાપુર ડેમ ૧૯૬૪ માં નિર્માણ પામ્યો હતો અને તેમાં ૩૪૦ બીલીયન કયુબીક ફૂટ પાણીની સંગ્રહ ક્ષમતા છે. જુનાગઢ કોર્પોરેશનનાં કમીશ્નર આર.એમ.તન્નાએ કહ્યું કે સમગ્ર દેશમાં વોટર ક્રેડીટ મેળવનાર જુનાગઢ પ્રથમ છે. યુનોનો આ અદભુત પ્રોજેકટ છે સંગ્રહ કરેલા પાણીના ક્રેડીટ સ્કોર મારફત નાણાં ઉભા કરી શકાય છે.

યુનો દ્વારા નિયત કરાયેલી એજન્સી દ્વારા ચકાસણી બાદ ક્રેડીટ આપવામાં આવે છે આ પ્રોજેકટ માટે કોર્પોરેશને ગ્રામ વિકાસ ટ્રસ્ટની મદદ લીધી હતી. જળસંગ્રહનાં ડોકયુમેન્ટસ તથા વીડીયોગ્રાફી સાથેનાં પુરાવા તૈયાર કરાવ્યા હતા.

યુનિવર્સલ વોટર રજીસ્ટ્રીનાં વિહાર પંચોલીએ કહ્યું કે ભારતમાં કોઈપણ સરકારી સંસ્થાનો આ પ્રથમ પ્રોજેકટ હતો અને તેમાં વોટર ક્રેડીટ મળી છે. ભવિષ્યમાં આ ક્રેડીટથી કોર્પોરેશનને જંગી નાણાં મળશે જે અન્ય વિકાસ કામોમાં ઉપયોગમાં લઈ શકશે.

યુનોનાં આ પ્રોજેકટમાં કોઈપણ વ્યકિત કે સંગઠન ન્યુનતમ ૧૦૦૦ લીટર તથા મહતમ ૧૦ લાખ લીટર પાણીમાં સંગ્રહ-બચત કરીને વોટર ક્રેડીટ લઈ શકે છે. આ લેટર ક્રેડીટ બ્લોકચેઈન એકસચેંજ મારફત રોકડમાં વટાવી શકાય છે.

સીંગતેલમાં વધુ રૂ.૩૦ તૂટ્યા: નવી સિઝન હવે જોર પકડશે

રાજકોટ, તા.૨૫

ખાદ્યતેલોમાં મંદીનો દોર અટકતો ન હોય તેમ આજે સીંગતેલ તથા પામોલીનમાં વધુ ભાવ ઘટાડો હતો. રાજકોટમાં ટેક્સપેઠડ સીંગતેલ નવા ડબ્બાનો ભાવ ૨૭૧૦ થી ૨૭૬૦ રહ્યો હતો. પામોલીન ડબ્બો ૧૦ના ઘટાડાથી ૧૩૬૫ થી ૧૩૭૦ હતો. તેલબજારના વેપારીઓના કહેવા પ્રમાણે નવી સીઝન શરુ થઈ ગઈ છે અને આવતા દિવસોમાં તે જોર પકડશે તેવી ગણતરીએ માનસ નબળું છે. મગફળીની આવકો હવે વધવા લાગશે.ગુજરાત ઓઈલ સીઝન એસો.ને ૨૫ લાખ ટનના ઉત્પાદનનો અંદાજ દર્શાવ્યા બાદ સોલવંટ એક્સટ્રેશન એસો.ને ૩૩ લાખ ટનથી વધુના પાકનો અંદાજ મુક્યો છે તેની પણ વત્તાઓછા અસર હતી. વિશ્વ બજારોમાં આવતા દિવસોમાં ટ્રેન્ડ કેવો રહે છે તેના પર મીટ મારવામાં આવી રહી છે.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

શ્રીમતી દેવુબેન મનસુખભાઈ જાદવ
ચેરમેનશ્રી, કાયદો અને નિયમોની કમિટી
કોર્પોરેટરશ્રી વોર્ડનં.૬(રાજકોટ મહાનગર પાલિકા)

શ્રી મનસુખભાઈ જાદવ
(શહેર ભાજપ આગેવાન)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.